GJAH150001662017

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ મળ્યાની તારીખ | ૨૭-૦૭-૨૦૦૫ |
| કેસ દાખલ તારીખ | ૨૭-૦૭-૨૦૦૫ |
| કેસ ફેસલ તારીખ | ૨૩-૦૪-૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૨૦ | ૦૮ | ૨૭ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં. સી-૨૦૦૧-૯૩, તારીખ- ૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**FORM-A**

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, દેત્રોજ**

---

**શ્રી એચ.એસ.રાઠોડ, પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., દેત્રોજ**

---

**(ચુકાદા તારીખ-૨૩-૦૪-૨૦૨૬)**

**જુનો ક્રિમીનલ કેસ નં.૧૧૮૦-૨૦૦૫**

**નવો ક્રિમીનલ કેસ નં.૧૫૦-૨૦૧૭**

**આંક-**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેત્રોજ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૯,<br>૪૨૦,૪૬૫,૧૧૪ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઉપર મુજબ |

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી આઇ.એ. સૈયદ |
| આરોપી/આરોપીઓ | (૧)ખોડાજી શંકરજી ઠાકોર(એબેટ)<br>(૨)અંબાલાલ મગનલાલ વાળંદ<br>(૩) કડવાજી શંકાજી ઠાકોર<br>રહે.ભટારીયા,તા.દેત્રોજ,જિ.અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | એમ.એમ.સોલંકી |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૯-૦૬-૨૦૦૨ |
| ફરીયાદની તારીખ | ૧૫-૦૨-૨૦૦૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૭-૦૭-૨૦૦૫ |
| તહોમત/પ્લી ફરમાવ્યા તારીખ | ૩૧-૦૩-૨૦૦૮ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૨૧-૦૯-૨૦૨૪ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | - |
| ચુકાદા તારીખ | ૨૩-૦૪-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | - |

| આ રોપી નંબ ર | આરોપી નુ નામ | ઘરપકડ ની તારીખ | જામીન મુકિતની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર? | કરવા માં આવે લ સજા | ક્રિ.પ્રો.કો.કલમઃ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૨. | અંબાલાલ મગનલાલ વાળંદ | ૧૬.૦૩. ૨૦૦૫ | ૨૩.૦૩. ૨૦૦૫ ના રોજ જામીન મુકત થયેલ છે. | ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯, ૪૨૦,૪૬૫, ૧૧૪ મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. | - | - |
| ૩ | કડવાજી શંકાજી ઠાકોર | ૧૫.૦૪. ૨૦૦૫ | ૧૯.૦૪. ૨૦૦૫ ના રોજ જામીન મુકત થયેલ છે. | ઉપર મુજબ | ઉપર મુજબ | - | - |

## FORM-C

### ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવાઃ**

| અનુ.નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧ | હસમુખભાઇ નગીનદાસ જોધાણીની જુબાની | સાહેદ | ૪૬ |
| ૨ | વકતુજી વરસંગજી ઠાકોરની જુબાની | સાહેદ | ૪૯ |

| | | | |
|---|---|---|---|
| **૩** | દશરથભાઇ સીતારામની જુબાની | સાહેદ | **૫૦** |
| **૪** | ધનાભાઇ નાથાભાઈની જુબાની | સાહેદ | ૫૩ |
| **૫** | અજયસિંહ હરદયસિંહની જુબાની | ત.ક.અ. | **૫૭** |
| **૬** | જુનેદ અબ્દુલકરીમ શેખની જુબાની | સાહેદ | ૬૦ |
| **૭** | મેહુલકુમાર સુખદેવભાઇની જુબાની | સાહેદ | **૬૪** |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **-** | **-** | **-** |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **-** | **-** | **-** |

**ફરીયાદપક્ષ તરફ આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **૧** | ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરેલ હુકમ | ૪૭ |
| **૨** | ફરિયાદ | ૪૮ |
| **૩** | સુચીપત્ર | ૫૮ |
| **૪** | અસલ રેકર્ડ રજુ કરવા | ૬૧ |

| | | |
|---|---|---|
| **૫** | અધિકાર પત્ર | ૬૨ |
| **૬** | ફરીયાદ કરવાનો હુકમની ખરી નકલ | ૬૫ |
| **૭** | ફરીયાદની ખરી નકલ | ૬૬ |
| **૮** | અહેવાલ | ૬૭ |
| **૯** | ભ્રષ્ટાચારની તપાસ કરવાની અરજી | ૬૮ |
| **૧૦** | શંકરભાઇ સોમાભાઇ વાઘેલાનો મરણનો દાખલો | ૬૯ |
| **૧૧** | ખોડાજી શંકરજીનું નિવેદન | ૭૦ |
| **૧૨** | રોજમેળ | ૭૧ |
| **૧૩** | ઠરાવ | ૭૨ |
| **૧૪** | નાણાં કરજે લેવાની અરજી | **૭૩** |
| **૧૫** | નાણાંનુ કરજ | ૭૪ |
| **૧૬** | ઉપાડ કરવાનું માંગણા પત્રક | **૭૫** |
| **૧૭** | જામીન ખત | **૭૬** |
| **૧૮** | શંકરભાઇ નાડીયાની અંકે રૂપિયા ૧૬,૧૫૩/- નાણાં કરજે લેવાની અરજી | **૭૭** |
| **૧૯** | શંકરભાઇ નાડીયાની અંકે રૂપિયા ૫,૦૦૦/- નાણાં કરજે લેવાની અરજી | **૭૮** |
| **૨૦** | એફ.આઇ.આર. ની ઝેરોક્ષ નકલ | **૭૯** |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજોઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**મુદ્દામાલની વિગતઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

<u>::::ચુકાદો::::</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓ એ તા.૨૯-૦૬-૨૦૦૨ ના રોજ મોજે ભટારીયા ગામે સેવા સહકારી મંડળીની ઓફિસમાં નાડીયા શંકરભાઇ સોમાભાઇનાઓ રહે.ભટારીયા, તા.દેત્રોજ,જી.અમદાવાદનાઓ તા.૦૭-૦૧-૨૦૦૧ ના રોજ મરણ ગયેલ હોવાનું જાણતા હોવા છતાં મરણ જનારના નામે ખોટા અંગુઠાના નિશાન કરી મંડળીના રજીસ્ટ્રરોમાં તેમજ રેકર્ડમાં ચેડા કરી રૂ.૪૬,૭૦૦/- ઉપાડી લઇ પોતાના અંગત વપરાશમાં વાપરી નાખી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી, હોય ભારતીય દંડ સંહિતાની કલમઃ૪૦૯,૪૨૦,૪૬૫,૧૧૪ મુજબની ફરિયાદ નોંધવા માં આવેલ

(૨) ફરિયાદીની ફરિયાદના આધારે દેત્રોજ પોલીસ સ્ટેશનના ફગુ,રુજી, નં. ૦૬/૨૦૦૫ થી તારીખ:૧૫-૦૨-૨૦૦૫ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ:૪૦૯, ૪૨૦,૪૬૫,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ તપાસમાં આરોપી મળી આવતા

તેઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે સી.આર.પી.સી.ની કલમ : ૧૭૩ મુજબ આરોપી વિરુધ્ધ ભારતીયદંડ સંહિતાની કલમ: ૪૦૯,૪૨૦,૪૬૫,૧૧૪ મુજબના ગુનાના તહોમતનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ.

(૩) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓની ભારતીય દંડ સંહિતાની કલમ: ૪૦૯,૪૨૦, ૪૬૫ , ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું આંક:૦૬ થી તેમજ પ્લી આંક:૦૭ તથા આંક-૦૯ થી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે. વધુમાં સદર કેસની ટ્રાયલ દરમિયાન આરોપી નં.૧ ખોડાજી શંકરજી ઠાકોરનાઓ મરણ થયેલ હોય જેથી તેઓના સામે સદર કેસ એબેટ કરી, અન્ય આરોપીઓ સામે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ :૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ પક્ષકારોના વિ. વકીલ શ્રી એ.પી.પી.શ્રી આઈ.એ.સૈયદ નાઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ એ તા.૨૯-૦૬-૨૦૦૨ ના રોજ મોજે ભટારીયા ગામે સેવા સહકારી મંડળીની ઓફિસમાં નાડીયા શંકરભાઇ સોમાભાઇનાઓ રહે.ભટારીયા, તા.દેત્રોજ,જી.અમદાવાદનાઓ તા.૦૭-૦૧-૨૦૦૧ ના રોજ મરણ ગયેલ હોવાનું જાણતા હોવા છતાં મરણ જનારના નામે ખોટા અગુઠાના નિશાન કરી મંડળીના રજીસ્ટ્રરોમાં તેમજ રેકર્ડમાં ચેડા કરી રૂા.૪૬,૭૦૦/- ઉપાડી લઇ પોતાના અંગત વપરાશમાં વાપરી નાખી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ગુનો કરેલ હોય અને તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય, આરોપીઓને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એમ.એમ.સોલંકીનાઓને ખુબજ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-:: મુદ્દાઓ ::-

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા.૨૯-૦૬-૨૦૦૨ ના રોજ મોજે ભટારીયા ગામે સેવા સહકારી મંડળીની ઓફિસમાં નાડીયા શંકરભાઇ સોમાભાઇનાઓ રહે.ભટારીયા, તા.દેત્રોજ,જી.અમદાવાદનાઓ તા.૦૭-૦૧-૨૦૦૧ ના રોજ મરણ ગયેલ હોવાનું જાણતા હોવા છતાં મરણ જનારના નામે ખોટા અગુઠાના નિશાન કરી મંડળીના રજીસ્ટ્રરોમાં તેમજ રેકર્ડમાં ચેડા કરી રૂ.૪૬, ૭૦૦/- ઉપાડી લઇ પોતાના અંગત વપરાશમાં વાપરી નાખી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમઃ૪૦૯,૪૨૦,૪૬૫,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

<u>-:: નિર્ણયો ::-</u>

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**(૯) મુદ્દા નં.૧**

**મુદ્દા નં. ૧:- ફરીયાદી પક્ષે રજુ થયેલ પુરોવા:-**

**(૯.૧)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ હસમુખભાઇ નગીનદાસ જોધાણી નાઓને આંક-૪૬ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,તેઓ સહકારી અધિકારી તરીકે ૨૦૦૨ થી ૨૦૦૬ સુધી જિલ્લા રજીસ્ટ્રાર ગ્રામ્ય અમદાવાદ તરીકે નોકરી કરેલ. જે દરમિયાન અરજદાર મંગળભાઈ શંકરભાઈ નાડીઆની તા.૨૬-૦૧-૨૦૦૫ ની અરજીના આધારે ભટારીયા સેવા સહકારી મંડળીની તપાસ અર્થે જીલ્લા રજીસ્ટ્રારે રૂબરૂમાં સુચના આપ્યા પ્રમાણે સદર અરજીની તપાસણી કરવામા આવેલ. તેઓને તા.૨૬-૦૧-૨૦૦૫ વાળી મંગળભાઈ શંકરભાઈ નાડીઆની અરજીની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે જે આ કામે માર્ક-એ થી રજુ છે.જે અરજીમા જણાવ્યા પ્રમાણે તેમના ફાધર શંકરભાઈ નાડીયા જેઓનુ તા.૦૭-૦૧-૨૦૦૧ ના રોજ અવસાન પામેલ હોવા છતા તેમના ખાતે તા.૨૯-૦૬-૨૦૦૨ ના રોજ રૂા.૪૬,૭૦૦/- નુ રોજમેળ પાના નં.૪૦ પર ઉધારવામાં આવેલ. આ રકમ વ્યવસ્થક કમીટીના ઠરાવ તા.૦૪-૦૫-૨૦૦૨ ના ઠરાવ નં.૩ થી આ રકમ મંજુર કરી તેમના અંગુઠાનુ નિશાન લઈ ચેરમેન તથા સેક્રેટરીએ તેઓને રૂબરૂમા આપેલ નિવેદન તા.૧૦-૦૨-૨૦૦૫ માં તેઓએ સ્વીકારેલ છે કે, આ રકમ તેઓએ અવસાન પામેલ શંકરભાઈ નાડીઆના ખાતે ઉધારેલ છે. ત્યારબાદ અરજી અન્વયે જીલ્લા રજીસ્ટ્રારે તેઓને રૂબરૂ તપાસ કરવાની સુચના આપેલ. ત્યારબાદ ચાલુ તપાસ દરમિયાન ચેરમેન સેક્રેટરીના નિવેદન તા.૦૭-૦૭-૨૦૦૪, રૂા.૮૯૦૦/- ની વસુલાત આવેલ હવે બાકી રૂા.૩૭,૮૦૦/- બાકી રહે છે. ત્યારબાદ તેઓને સુચના મળતા તેઓ ભટારીયા મુકામે ભટારીયા સેવા સહકારી મંડળીમાં ગયા અને સૌપ્રથમ ચેરમેન તથા સેક્રેટરીનો સંપર્ક કરેલો અને ચેરમેન તથા સેક્રેટરીને દફ્તર આધારીત મરણનો દાખલો બતાવેલો જે શંકરભાઈ નાડીયાનો હતો જે તા.

૦૭-૦૧-૨૦૦૧ ના રોજ અવસાન પામેલાનો દાખલો બતાવેલ. જે આ કામે માર્ક-બી રજુ છે.ત્યારબાદ તેઓએ રોજમેળના પાન નં.૪૦ ઉપરના તા.૨૯-૦૬-૨૦૦૨ ના રૂા.૪૬,૭૦૦/-નુ ઉધારેલ તેની નકલ મેળવેલ. જે નકલ આ કામે રજુ કરેલ જે ઠરાવની તા.૦૪-૦૫-૨૦૦૨ ઠરાવ નં.3 શંકરભાઈ નાડીઆની લોન મંજુર કરવા બાબત જે આ કામે માર્ક- સી રજુ છે. ત્યારબાદ તેઓએ ઠરાવબુકની કરવા બાબતનો જેમાં નીચેના પાને ચેરમેન તથા સેક્રેટરીની સહીઓ છે જે આ કામે માર્ક-ડી રજુ છે. તેઓએ આ કામે નાણા ધીરાણનું નાડીઆના ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે અને જેની સાથે જામીનખત પણ છે જેમા કરજખત જે નાડીઆ શંકરભાઈ સોમાભાઈ છે જેમાં રૂા.૪૬,૭૦૦/- રકમ છે જેમા શંકરભાઈ સોમાભાઈ ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે અને બીજા જામીન મોતીરામ શંકરદાસના અંગુઠાનુ નિશાન છે અને સાક્ષીમાં ઠાકોર કડવાજી શંકાજી તથા નાડીઆ ગણપતભાઈ બોઘાભાઈ છે અને તેના દરેક પેજ ઉપર ચેરમેન તથા સેક્રેટરીના સહી તથા હોદ્દાના સિક્કા છેજે આ કામે માર્ક-ઇ થી રજુ છે. આ કામે એડીસી બેન્કનું માંગણાપત્રક રજુ કરે છે જેમા પાકની અલગ અલગ પાકની ધીરાણની વિગતો હોય છે જેમા અનુ. જનજાતી મોટા ખેડુત શંકરભાઈ સોમાભાઈ નાડીઆના રોકડામાં રૂા.૩૯,૨૦૦/- અને માલના રૂા.૩૭,૫૦૦/- એમ કુલ રૂા.૭૬,૭૦૦/- ની શાખ મંજુર થયેલ છે જે સને-૨૦૦૨ અને ૨૦૦૩ માં માંગણાના પત્રક પ્રમાણેલ દર્શાવેલ છે જે આ કામે માર્ક- એફ થી રજુ છે. ત્યારબાદ તેઓએ જીલ્લા રજીસ્ટ્રારને ઉપરોક્ત રેકર્ડ સાથે રીપોર્ટ કરેલ જેમાં આ રીપોર્ટની અંદર મંડળીએ રજુ કરેલ આધાર પુરાવો જેમાં રોજમેળ, કરજખત, જામીનખત, માંગણાપત્રક, ચેરમેન સેક્રેટરીનુ સંયુક્ત નિવેદન આ તમામ રેકર્ડ સાથે જીલ્લા રજીસ્ટ્રારને રજુ કરેલ. ત્યારબાદ જીલ્લા રજીસ્ટ્રારે પોતે સમગ્ર બાબતો ચકાસી અને તા.૧૫-૦૨-૨૦૦૫ ના રોજ શ્રી રામજીભાઈ રબારી મદદનીશ સહકારી અધિકારીને આ તમામ રેકર્ડ સાથે ફરિયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવેલ જે લગત થયેલ અસલ હુકમ આ કામે રજુ છે જેમાં જીલ્લા રજીસ્ટ્રાર તરીકે અનીલ.બી.પટેલની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે આંક-૪૭ થી રજુ છે.તેઓએ જે તપાસ અહેવાલ જીલ્લા

રજીસ્ટ્રારશ્રીને આપેલ તેની આ કામે રજુ છે જે તેઓના સ્વહસ્તાક્ષરમાં છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આ કામે માર્ક-જી થી રજુ છે. ત્યારબાદ રામજીભાઈ રબારી નાઓએ તા.૧૫-૦૨-૨૦૦૫ ના રોજ આ બાબતે પોલીસ ફરિયાદ કરેલી. આર.એમ.રબારી મદદનીશ સહકારી અધિકારી ના હોદ્દા ઉપર હતા અને તેઓના સહકર્મચારી હતા અને તેઓના લખાણ અને સહીથી તેઓ વાકેફ છે. જેમાં રામજીભાઈ રબારીની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૪૮ થી રજુ છે. તા.૧૦-૦૨-૨૦૦૫ ના રોજ ચેરમેન શ્રી ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરીશ્રી અંબાલાલ મગનલાલ વાળંદનુ ઉચાપત બાબતનું નિવેદન લીધેલ જેમા પોતે સ્વીકારેલ છે કે, રૂા.૪૬,૭૦૦/- શંકરભાઈ નાડીયાના ખાતે મરણ પામેલ હોવા છતા તેમના ડાબા હાથના અંગુઠાનું નિશાન લઈ આ રકમ ઉપાડ કરવામા આવેલ છે જેમાં ચેરમેન સેક્રેટરીની સહી છે જે નિવેદનની ઝેરોક્ષ નકલ રજુ છે જે આ કામે માર્ક-એચ થી રજુ છે. આ કામે તેઓને આંક-૨૨ બતાવવામા આવે છે જે તા.૦૬-૧૧-૨૦૧૨ ના રોજની છે. જે તેઓએ કોર્ટમાં અસલ રેકર્ડની નકલ મેળવવા માટેની એપીપીશ્રીને ઉદ્દેશીને લખેલી છે અને ત્યારબાદ તે સંદર્ભે તેઓએ તા.૨૦-૧૧-૨૦૧૨ ના રોજ જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી અમદાવાદ ગ્રામ્યને ઉદ્દેશીને સદર કેસના અસલ કાગળો મેળવવા માટે અરજ કરેલ હતી જેના અનુસંધાને તેઓને એવો પ્રતિઉત્તર આપવામાં આવેલ કે, રેકર્ડનું વર્ગીકરણ થઈ ગયેલ હોય મળવાપાત્ર નથી અને તેઓએ ઘણા પ્રયત્ન કરવા છતાં મળી શકેલ નહી અને તેઓ તે અસલ રજુ કરી શકે તેમ નથી.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, જીલ્લા રજીસ્ટ્રાર તથા ફરિયાદ આપનાર મદદનિશ રજીસ્ટ્રાર શ્રી તેઓ સારા મિત્રો હતા. જેમની અરજી હતી તેમનું નિવેદન તેઓએ લીધેલ નથી. અંગુઠાના નિશાનનું એફ.એસ.એલ. કરવા માટે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. વધુમાં સદર સાહેદને પ્રશ્ન કરેલ છે કે, તમારી તપાસ દરમિયાન અરજીમા કોણે અંગુઠા કરેલા તે ખુલેલુ

નહી ? સદર સાહેદ તેના જવાબમાં જણાવેલ છે કે,અંગુઠા કોણે કરેલા તેની મને ખબર નથી. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, ઠરાવમાં કમીટી સભ્યોની સહી હોય. ઠરાવમાં જે કમીટી મેમ્બરોની સહી હોય તેઓ પણ ઠરાવ માટે જવાબદાર હોય છે. તેઓ જે પણ રેકર્ડ મેળવેલ તે પંચનામુ કરીને મેળવેલ નથી. વધુમાં સદર સાહેદને પ્રશ્ન કરેલ છે કે, કોઈપણ ઈન્કવાયરીનો તપાસ કરતો હુકમ લેખીતમા હોય છે ? સદર સાહેદ તેના જવાબમાં જણાવેલ છે કે, તા.૧૫-૦૨-૨૦૦૫ ના ઓર્ડરમાં સ્પેશીફીક તેઓને તપાસ કરવા માટે લખવામાં આવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, એ ઓર્ડરમાં મૌખીક લખેલુ છે. તેમજ ચેરમેન અને સેક્રેટરીના જે નિવેદન લીધેલા છે તેમાં રૂબરૂ તરીકે તેઓની સહી નથી. તેઓએ જીલ્લા રજીસ્ટ્રારને રીપોર્ટ કર્યા બાદ આજદિન સુધી તેઓનું કોઇ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ મૌખીક સુચન ચોક્કસ કઈ તારીખે આપેલ તે તેઓ કહી શકે નહી. તેઓએ તપાસ દરમિયાન ચેરમેન સેક્રેટરી સિવાય બીજા કોઈનું નિવેદન લીધેલા નથી. તેઓએ જામીનખતમાં જણાવેલ જામીનો અને સાક્ષીઓના નિવેદન લીધેલા નથી. જીલ્લા રજીસ્ટ્રારના હુકમમાં એક જ આરોપી વિરુધ્ધ ફરીયાદ કરવાનું જણાવવામાં આવેલ છે. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદોની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૯.૨)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ વકતુજી વરસંગજી ઠાકોરનાઓને આંક-૪૯ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ આશરે ૧૯ વર્ષ અગાઉ બનેલો. બનાવ વિશે તેઓને ખબર નથી. બનાવ સમયે તેઓ ભટારીયા ગામની સહકારી મંડળીમા સભ્ય હતા. આ મંડળીમા ખોડાજી શંકરજી ચેરમેન હતા અને અંબાલાલ મગનલાલ વાળંદ મંત્રી હતા. આ મંડળીમા દસેક જેટલા સભ્યો હતા. આ મંડળીમા શુ થયેલુ તે તેઓને ખબર નથી. તેઓને માર્ક-ડી વાળી ઠરાવબુકની નકલ

બતાવવામા આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ સહી શેના માટે કરી હતી તે તેઓને હાલ યાદ નથી. મંત્રી અંબાલાલ મગનલાલ છે અને ચેરમેન ખોડાજી અવસાન પામેલ છે. આ બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી હોવાની હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરિ ગયેલ સાહેદ તરીકે જાહે કરી, તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરુપ કોઇ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,અંબાલાલ મગનલાલ તેઓના ગામના હોય તેઓને ઓળખે છે. તેમજ કોઇના કહેવાથી સહી કરેલ છે તે સિવાય કઇ જાણતા નથી. બનાવ બાબતે તેઓ કાઇ જાણતા નથી. આમ,સદર સાહેદના પુરાવાથી તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદ હકીકતને પુરવાર માની લઇ શકાય તેવો પુરાવો તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**(૯.૩)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ દશરથભાઇ સીતારામનાઓને આંક-૫૦ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ આશરે ૧૮-૧૯ વર્ષ અગાઉ બનેલો. બનાવ ભટારીયા ગામની સહકારી મંડળી બાબતનો હતો. ધીરાણ ચાલતુ હતુ તે સમયે તેઓ મંડળીના સભ્ય હતા તેથી ઠરાવમાં તેઓની સહીઓ હશે. આ મંડળીમાં ખોડાજી શંકરજી ચેરમેન હતા અને અંબાલાલ મગનલાલ વાળંદ મંત્રી હતા. તે સમયે મંડળીમાં અગ્યાર સભ્યો હતા. તેઓને માર્ક-ડી વાળી ઠરાવબુકની નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ ઠરાવ ધીરાણ ભરી અને ફરીથી ધીરાણ મેળવવા માટેનો છે. આ ઠરાવમાં બધા કમીટીના સભ્યો ભેગા થઈ સહી કરે અને ઠરાવ કરે તે વખતે કાઈ બનેલ નહી. તે પછી કશુ બનેલ નહી. મંત્રી અને સેક્રેટરીએ

ધીરાણ લાવી ચાલુ કરેલ હશે. આ મંડળીમાં ઉચાપત થયેલાની વાતો સાંભળેલી. આ વાતોમાં તેઓએ મંત્રી અને સેક્રેટરીએ ઉપાડેલાની હકીકત જાણેલી. આ બનાવ વીશે બીજુ કાઈ જાણતા નથી. આ બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી. કડવાજી શંકરજીનાઓએ શું કરેલું તેની તેઓને ખબર નહી હોવાની હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરિ ગયેલ સાહેદ તરીકે જાહે કરી, તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરુપ કોઇ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,અંબાલાલ તેઓના ગામના હોય તેઓને ઓળખે છે. ગામમાં નાની મોટી બાબતમાં અફવા ચાલતી હોય છે. ઉચાપત બાબતની પણ અફવા ચાલતી હતી.

આમ,સદર સાહેદના પુરાવાથી તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદ હકીકતને પુરવાર માની લઇ શકાય તેવો પુરાવો તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**(૯.૪)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ ધનાભાઇ નાથાભાઈનાઓને આંક-૫૩ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ આશરે ૧૭ વર્ષ અગાઉ બનેલો. બનાવ વિશે તેઓને ખબર નથી. બનાવ સમયે તેઓ ભટારીયા ગામની સહકારી મંડળીમાં સભ્ય હતા. આ મંડળીમાં ખોડાજી શંકરજી ચેરમેન હતા અને અંબાલાલ મગનલાલ વાળંદ મંત્રી હતા. આ મંડળીમાં દસેક જેટલા સભ્યો હતા. આ મંડળીમાં શું થયેલું તે તેઓને ખબર નથી. તેઓને માર્ક-ડી વાળી ઠરાવબુકની નકલ બતાવવામા આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ સહી શેના માટે

કરી હતી તે તેઓને હાલ યાદ નથી. હાલમાં મંત્રી અંબાલાલ મગનલાલ છે અને ચેરમેન ખોડાજી અવસાન પામેલ છે. આ બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી હોવાની હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરિ ગયેલ સાહેદ તરીકે જાહે કરી, તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરુપ કોઇ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,અંબાલાલ મગનલાલ તેઓના ગામના હોય તેઓને ઓળખે છે. તેમજ કોઇના કહેવાથી સહી કરેલ છે તે સિવાય કઇ જાણતા નથી. બનાવ બાબતે તેઓ કાઇ જાણતા નથી. આમ,સદર સાહેદના પુરાવાથી તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદ હકીકતને પુરવાર માની લઇ શકાય તેવો પુરાવો તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**<u>તપાસના કરનાર અમલદારના પુરાવાઓઃ-</u>**

**(૯.૫)** આ કામે ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર અજયસિંહ હરદયસિંહનાઓને આંક-૫૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેઓની સર તપાસમાં જણાવેલ છે કે,તા.૧૫/૨/૨૦૦૫ તેઓ પી.એસ.આઈ તરીકે દેત્રોજ મુકામે ફરજ બજાવતા હતા. તે દરમિયાન ફરીયાદી તરીકે આર.એન.રબારી, મદદનીશ સરકારી અધિકારી,જીલ્લા રજીસ્ટ્રાર મંડળીઓ (ગ્રામ્ય) ના ઓએ આરોપી ખોડાજી શંકરજી ઠાકોર રહે-ભટારીયા ગામ, તા.દેત્રોજનાઓ વિરુધ્ધ તેઓએ ખાતાકીય તપાસ કરી જીલ્લા રજીસ્ટ્રાર મંડળીઓ (ગ્રામ્ય)ના હુકમ આધારીત લેખીતમાં ફરીયાદ આપતા પી.એસ.ઓ એચ.સી પ્રવિણસિંહ બં.નં ૮૩૨ નાઓએ ગુનો રજી. કરી તેઓને તપાસ આપતા તેઓએ તપાસ સંભાળેલ. જેની સુચિપત્ર આ કામે આંક-૫૮ થી રજુ છે. સદર તપાસના કામે લેખીત

ફરીયાદ મેળવેલ જે આ કામે રજુ આંક-૪૮ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે આ એજ ફરીયાદ છે. જેની ટુંક વિગત એવી છે કે, ભટારીયા ગામે સેવા સહકારી મંડળીની ઓફીસમાં નાડીયા શંકરભાઇ સોમાભાઇ રહે-ભટારીયા ઓ તા. ૦૭/૦૧/૨૦૦૧ માં મરણ થયેલ જાણતા હોવા છતાં મરણ જનારના નામે ખોટા અંગુઠાના નિશાન કરી મંડળીના રજીસ્ટરોમાં તથા રેકર્ડમાં છેડા કરી રૂા.૪૬,૭૦૦/- ઉપાડી લઇ પોતાના અંગત ખર્ચમાં વાપરી એકબીજાની મદદ કરી.જીલ્લા સહકારી મંડળીના અધિકારી દ્રારા ઓડીટ કરાવી તપાસ કરી જણાતા તેઓએ એચ.એન.જોદાણી સહકારી અધિકારી તથા અન્ય સાહેદોના નિવેદનો લીધેલા.તેઓને માર્ક-એ,બી,સી, ડી, ઇ,એફ,જી,ઇ/૧,એફ/૧ બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે, તેઓએ તપાસના કામે આ ઝેરોક્ષ નકલો મેળવેલી. તેઓએ આરોપી ખોડાજી શંકરજી, અંબાલાલ વાળંદ તથા કડવાજી ઠાકોર ધરપકડ કરેલ. જેમાં ખોડાજી શંકરજી જે તે સમયે ભટારીયા સેવા સહકારી મંડળીના ચેરમેન હતા તથા અંબાલાલ વાળંદ તે સેક્રેટરી હતા જેમાં કડવાજી ઠાકોર જેમણે ધીરાણના નાણા પાછળથી ભરપાઇ કરેલા હતા. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખી શકે. પરંતુ હાલ ઘણો લાંબો સમય થયો હોવાથી ચોક્કસ પણે કહી શકે નહીં.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ એ ચોક્કસ પણે જણાવી શકે નહી કે ભટારીયા સેવા સહકારી મંડળી ગામમાં ચોકકસ કઇ જગ્યાએ આવેલ છે. સામાન્ય રીતે જયારે તપાસ કરતા હોઇ એ ત્યારે કેસના તમામ કાગળો અસલ ભેગા કરી તપાસના કામે કોર્ટમાં હાજર રાખવામાં આવે છે. સામાન્ય રીતે સહકારી મંડળી અંતર્ગત તપાસના કામે દસ્તાવેજી પુરાવા જેમ કે ઠરાવ, રોજકામ,નાણાધીરાણનો કરજ ખર્ચ,જામની ખત,માગણા પત્રક, ચેરમેન તથા સેક્રેટરીનું સંયુકત નિવેદન તથા દસ્તાવેજો પંચનામુ કરી લેવા જોઇએ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલના કેસમાં જીલ્લા અધિકારીશ્રી સહકારી મંડળી ના હુકમ આધારીત ફરીયાદ દાખલ થયેલ. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે,આ કામે તેઓએ કોઇ પંચનામુ

કરી કોઇ અસલ દસ્તાવેજી ઓડીટ રીપોર્ટ કબ્જે કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ કામે અહેવાલ રજુ રાખેલ છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામે કોઇ અસલ અહેવાલ રજુ રાખેલ નથી. વધુમાં સદર સાહેદને પ્રશ્ન કરેલ છે કે, સામાન્ય રીતે જયારે કોઇ પ્રાવેટ કે સહકારી મંડળી દ્વારા હુકમ કરી ફરીયાદ કરવાનો જણાવવામાં આવે છે ત્યારબાદ તમારે તેની પ્રાથમિક તપાસ કરવી જરૂરી હોય છે? સદર સાહેદ તેના જવાબમાં જણાવેલ છે કે,તે દરેક કેસમાં જરૂરી નથી હાલના કેસમાં ઉપરથી જીલ્લા અધિકારીશ્રી સહકારી મંડળી ના હુકમ આધારીત ફરીયાદ દાખલ થયેલા. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓને આ કામે જીલ્લા અધિકારીશ્રી સહકારી મંડળી ના હુકમ મુજબ મળેલ દસ્તાવેજી પુરાવા સિવાય તેઓએ કોઇ વધારાની તપાસ કરેલ નથી. એ વાતની તેઓને ચોક્કસ જાણ નથી કે જીલ્લા અધિકારી અને હાલના ફરીયાદી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર બંને સારા મિત્રો હતા.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, સદર ગુનાના કામે સદર ફરીયાદ દાખલ થતા પહેલા જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં અન્ય અરજી કરવામાં આવેલ તેના બાદ તપાસ કરી ત્યારબાદ આ કામે ફરીયાદ દાખલ કરવામાં આવેલ. આ કામે તેઓએ કોઇના અંગુઠાના નિશાન કે કોઇ સહી લઇ એફ. એસ.એલમાં લઇ મોકલેલ હોઇ તેવુ બનેલ નથી. એ વાત ની તેઓને ચોક્કસ પણે ખબર નથી કે, આ કામે મુળ ફરીયાદી હસમુખભાઈ જોધાણી એ તેમની આંતરીક તપાસના કામે કોઇ ઇસમના નિવેદન લીધેલા છે કે નહીં. એ વાત તેઓ ચોકકસ પણે જણાવી શકે નહીં કે, ફરીયાદીએ આોરોપીની કબુલાત સિવાય કોઇ નિવેદન લીધેલા નથી. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓની સંપુર્ણ તપાસમાં જીલ્લા અધિકારીશ્રી સહકારી મંડળીનો ફરીયાદ કરતો હુકમ તથા ફરીયાદ સિવાય અન્ય કોઇ અસલ દસ્તાવેજો આ કામે રજુ રાખેલ નથી. સદર ગુનાના કામે ફરીયાદ પાછળથી આપવામાં આવેલ. વધુમાં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સદર ફરીયાદ જીલ્લા અધિકારીશ્રી સહકારી મંડળીના હુકમ બાદ સદર ફરીયાદ દાખલ કરવામાં આવેલ. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે

કે, સદર ગુનો ચોક્કસ કઇ તારીખે બનેલ કે કયા સમય બનેલ તે તેઓ જણાવી શકે નહી.હાલના કામે કોઇ દસ્તાવેજી પુરાવો કોઇ સાહેદ દ્વારા તેઓને આપવામાં આવેલ નથી અને તેઓના દ્વારા માંગવામાં આવેલ નથી. હાલની તપાસ દરમ્યાન આરોપી કે કોઇ ત્રાહિત પાસે થી ઉચાપતની રકમ મળી આવેલ હોય તેવુ બનેલ નથી. તેઓની તપાસ દરમિયાન શંકરભાઇ નાડીયાનુ ખાતુ હતુ તેવો કોઇ ઓળખ અંગેનો પુરાવો મળી આવેલ નથી. હાલ દેત્રોજથી આ ગામ કઇ બાજુ આવેલ તે અંગે તેઓને ચોકકસ ખ્યાલ નથી. સદર તપાસ દરમિયાન કોઇ સાહેદ કે ફરીયાદી કે અન્ય કોઇ અધિકારી દ્વારા પુરાવાનો નાશ થયેલ હોવા અંગેની કોઈ જાણ કરેલ નથી. સદર તપાસ દરમિયાન રેકર્ડ ખોવાયેલ કે મળી આવેલ ન હોઇ તે અંગેની વિગત તેઓને જાણવા મળેલ નથી. એ વાત તેઓને હાલ ચોકક્સ યાદ નથી કે સદર તપાસના કામે દસ્તાવેજોની કોર્બન કોપી તેઓને આપવામાં આવેલ. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, ઉચાપતની રકમ એક ખાતામાંથી અન્ય ખાતામાં ટ્રાન્સફર થઇ હોય તેવા પુરાવો તેઓની તપાસમાં મળેલ નહીં. બનાવ સમયે મંડળીમાં કેટેલા સભ્ય હતા તે તેઓ ચોકકસપણે કહી શકે નહીં. સામાન્ય રીતે મંડળીના ઠારાવોમાં સર્વસમંતિ અને બધાની જવાબદારી રૂપે કાર્યવાહી થતી હોય છે. હવે તેઓ જણાવે છે કે, સામાન્ય રીત મંડળીના ઠારાવો પ્રમુખ અને મંત્રી તથા બીજા હોદેદારોની જવાબદારી થતી હોય છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, સહકારી મંડળી અને તેની સંપુર્ણ કાર્યવાહી અંગે તેઓને વ્યક્તિગત રીતે કોઈ માહીતી નથી. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

<u>સાહેદોના પુરોવાઓ:-</u>

**(૯.૬)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ જુનેદ અબ્દુલકરીમ શેખનાઓને આંક-૬૦ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,હાલમાં તેઓ

જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી રૂરલ અમદાવાદમાં ઇ.ચો ઓડીટર ગ્રેડ ૨ વિરમગામ ખાતે ફરજ બજાવીએ છીએ. તેઓએ ગઇ તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ કચેરીના ટેલીફોનિક સુચના મુજબ નામદાર કોર્ટમાં હાજર રહી કેસની લગતી વિગતો મેળવવા માટે મુદત માંગેલ.ત્યારબાદ તેઓએ જીલ્લા રજીસ્ટ્રારશ્રી અમદાવાદને ઉદેશીને સદર કેસ બાબતે અસલ રેકર્ડ નામદાર કોર્ટમાં રજુ કરવા જણાવેલ. જે પત્ર આ કામે રજુ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આ કામે આંક-૬૧ થી રજુ છે.જે અન્વયે તેઓને તા.૧૭-૧૨-૨૦૨૫ ના રોજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી મેહુલ એસ.પટેલ દ્વારા તેઓને ઉદેશીને અધિકારપત્ર લખેલ. જે મુજબ તેઓને ભટારીયા સેવા સહકારી મંડળી મુ.ભટારીયા તા.દેત્રોજ જી.અમદાવાદ ની મંડળીનું ઉપલ્બધ રેકર્ડ સાથે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી(ગ્રામ્ય) અમદાવાદ વતી મહે. જયુડી.મેજી.ફ.ક કોર્ટ દેત્રોજના ક્રિમીનલ કેસ ૫૦/૨૦૧૭ ના સંદર્ભે હાજર રહેવા સારુ તેઓને અધિકૃત કરવામાં આવેલ. જે પત્ર નો ક્રમાંક:અષણ /૦૧/ગ૧/૨૦૨/૨૦૨૫,તા.૧૭/૧૨/૨૦૨૫ છે.જેમાં જીલ્લા રજીસ્ટ્રાર સહાકરી મંડળી (ગ્રામ્ય) તરીકે મેહુલ એસ.પટેલ ની સહી છે જે ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૬૨ થી રજુ છે.

**(૯.૭)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ મેહુલકુમાર સુખદેવભાઇનાઓને આંક-૬૪ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,તેઓ હાલમાં તેઓનું પોસ્ટીંગ સ્પે ઓડીટર (હેડ કવાટર) મુખ્ય કાર્યપાલક શ્રી ની કચેરી તરીકે છે તથા તેઓની ફરજો ઉપરાંત વધારાના ચાર્જ તરીકે અમદાવાદ જીલ્લા રજીસ્ટ્રાર અમદાવાદ(ગ્રામ્ય) નો ચાર્જ તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ થી ધરાવે છે અને હાલમાં કાર્યરત છે. તેઓએ નામદાર કોર્ટ દ્વારા સમન્સ ની બજવણી થતાં તેઓની કચેરીમાં ફરજ બજાવતા ઇ.ચાઓડીટર ગ્રેડ-૨ પોસ્ટ ધરાવતા ઝુનેદ એ શેખને અધિકૃત કરી નામદાર કોર્ટમાં હાજર થવા મોકલેલ. તેઓને આંક-૬૧ વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે જે જોઇને કહે છે કે ઇ.ચા ઓડીટર ગ્રેડ-૨ જુનેદ શેખ દ્વારા દેત્રોજ કોર્ટમાં ચાલતો કેસ નં. ૧૫૦/૨૦૧૭ બાબતે જે અરજી કરેલ તે છે.તેઓને

આંક-૬૨ વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે જે જોઈને કહે છે કે, તેઓએ જુડીશીયલ મેજી.ફ.ક દેત્રોજના કેસ નં. ૧૫૦/૨૦૧૭ બાબતે ઇ.ચા ઓડીટર ગ્રેડ-૨ જે.એ.શેખને આ કેસ સંદર્ભ મુદત તા.૨૦-૧૨-૨૦૨૫ ના રોજ હાજર થવા માટે જે અધિકાર પત્ર આપેલ તે છે. આ અધિકાર પત્ર સાથે તેઓએ તેમને તેઓની કચેરી હસ્તકનું ભટારીયા સેવા સહકારી લી. મુ. ભટારીયા નું સદર કેસને લગતું પ્રમાણિત રેકર્ડ સુપરત કરેલ. તેઓને નામદાર કોર્ટમાં રજુ કરેલ દસ્તાવેજો (૧) જીલ્લા રજીસ્ટાર સહકરા મંડળી અમદાવાદ ના તા.૧૫/૦૨/૨૦૦૫ ના જાવક નં.સકક/૦૧/ચ-૧/૯૯/૨૦૦૫ પોલીસ ફરીયાદ માટેનો હુકમ જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૬૫ થી રજુ છે. (૨) આર એમ રબારી મદદનીશ સહકારી અધિકારી લગત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો એ પોલીસ ફરીયાદ આપવા બાબત નો તા.૧૫/૦૨/૨૦૦૫ ના રોજના પત્ર છે જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે. વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૬૬ થી રજુ છે. (૩) સહકારી અધિકારી (બજાર) જીલ્લા સહકારી મંડળી (રૂરલ) અમદાવાદ નો ભટારીયા સેવા સહકારી મંડળી લી. નો અહેવાલ જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૬૭ થી રજુ છે. (૪) નાડીયા મંગળભાઈ શંકરભાઇ મુ.ભટારીયા ની તા.૨૬/૦૧/૨૦૦૫ જીલ્લા રજીસ્ટ્રાર સાહેબને ઉદ્દેશી ને ભ્રષ્ટાચારની તપાસ કરવાની અરજી જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૬૮ થી રજુ છે. (૫) શંકરભાઈ સોમાભાઈ વાઘેલા નો મરણનો દાખલો જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ (રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૬૯ થી રજુ છે. (૬) ખોડાજી શંકરજી

ઠાકોર નો તા. ૧૦/૦૨/૨૦૦૫ નું રૂબરૂ નિવેદન જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૦ થી રજુ છે. (૭) રોજમેળ (પેજ-૨) જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૧ થી રજુ છે. (૮) મેનેજીંગ કમીટીના કામની નોંધ ઠરાવ ૧ થી ૩ (પેજ -૨) બંને પેજમાં જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૨ થી રજુ છે. (૯) નાણા કરજે લેવાની અરજી નાડીયા શંકરભાઈ સોમાભાઈ ની જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૩ થી રજુ છે. (૧૦) નાડીયા શંકરભાઈ સોમાભાઈ ને ધીરેલા નાણાનું કરજ જેમાં મદદનીશ રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૪ થી રજુ છે. (૧૧) ઉપાડ કરવાનું માંગણા પત્રક (પેજ-૨) જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૫ થી રજુ છે. (૧૨) નાડીયા સોમાભાઇ ગોવિંદભાઇ નું જામીન ખત જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૬ થી રજુ છે. (૧૩) નાડીયા શંકરભાઇ સોમાભાઇ ની નાણા કરજે લેવાની અરજી જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૭ થી રજુ છે. (૧૪) નાડીયા શંકરભાઇ સોમાભાઈ ની નાણા કરજે લેવાની અરજી જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે. (૧૫) એફ.આઇ.આર. ગુ.ર.નં.૦૬/૨૦૦૫ જેમાં મદદનીશ

જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ (રૂરલ)નો વાદળી કલર નો સિક્કો છે અને સહી છે.જે આ કામે આંક-૭૮ થી રજુ છે. આ તમામ દસ્તાવેજો બતાવમાં આવે છે જે જોઇને કહે છે કે તે તમામ દસ્તાવેજો તે અમારી કબ્જામાં રહેલી પ્રમાણિત નકલો છે જે અમોએ જે.એ.શેખને સુપ્રત કરેલ તે જ પ્રમાણિત નકલો છે.જે તમામ દસ્તાવેજો જોતા તેમાં જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર ગ્રાહક લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી ઓ (રૂરલ), અમદાવાદ નો વાદળી કલરનો સિક્કો છે તેમાં તત્કાલીન ગેઝેટેડ ઓફીસર કલાસ ૨ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર ની અસલ સહી છે.જે આ કામે આંક-૭૯ થી રજુ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તા.૦૫-૦૮-૨૦૨૪ થી ઇ.ચા અમદાવાદ(ગ્રામ્ય) તરીકે ફરજ બજાવે છે. તેઓના પુરોગામી અધિકારીઓ દ્વારા સદરહું દસ્તાવેજ બાબતે રેકર્ડની માગણી કરવામાં આવેલી. અગાઉ તેઓના પુરોગામી અધિકારીશ્રી એ રેકર્ડ મળી આવતું નથી તે અંગેનો જવાબ આપેલ છે. સાહેદ સ્વેછાય જણાવે છે કે, તે સમયે તેઓની કચેરી ઘણાં બધાં કચેરીના રેકર્ડ ભેગા કરેલ હોઇ જેથી તે સમય દરમિયાન નહીં મળી આવવા અંગે જણાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, કોઇ પણ કેસમાં જીલ્લા રજીસ્ટ્રાર જયારે ફરીયાદ કરે ત્યારે પોલીસને તપાસના કામે અસલ રેકર્ડ ફરીયાદ સાથે આપી દઇએ છીએ. હાલનું રેકર્ડ અસલ કોપી નથી તે તેઓની ઓફીસ કોપી છે જે તેઓએ રજુ રાખે છે. તેઓની કચેરીમાં રહેલ કોઈ પણ જાહેર દસ્તાવેજ સામન્ય જનતા જો સર્ટીફાઇટ નકલ માગે તો તેમને નિયમ મુજબ આપવું પડે છે.વધુમાં સદર સાહેદને પ્રશ્ન કરેલ છે કે, તમારે જો જરૂરી દસ્તાવેજો જોઇએ તો તમારે પણ સર્ટીફાઇટ નકલ માટે અરજી કરવી પડે છે?સદર સાહેદ તેના જવાબમાં જણાવેલ છે કે,અમારે પર્સનલ કેપેસીટીમાં દસ્તાવેજો જોઇતા હોય તો જ સર્ટીફાઇટ નકલ જરૂર હોય છે ઓફીસીયલ કેપેસીટીમાં આવી કોઇ કાર્યવાહી ની જરૂર નથી.વધુમાં

તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે,હાલના કામે તેઓની કચેરી દ્વારા જ ફરીયાદ કરવામાં આવેલ છે અને તપાસ કરવામાં આવેલ છે અને ત્યારબાદ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે. આ કામે તેઓની પાસે કોઈ અસલ રેકર્ડ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સર્ટીફાઇડ નકલ છે.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે,તેઓએ રજુ કરેલા દસ્તાવેજોમાં સહી કર્યા બાદ કઇ તારીખે સહી કરવામાં આવેલ તે તારીખ લખેલ નથી. તેમજ પ્રમાણિત નકલ હોઇ તેવું લખવામાં આવેલ નથી. તેમજ નકલમાં તેઓની સહી નથી. સાહેદ સ્વેછાય જણાવે છે કે, તત્કાલીન અધિકારી દ્વારા સહી કરવામાં આવેલ છે.એ વાત તેઓ ચોકકસ પણે જણાવી શકે નહીં કે, તેઓના પુરોગામી અધિકારી દ્વારા સદરહું અસલ દસ્તાવેજો ખોવાઇ ગયેલ કે ચોરાઇ કે નાશ થયેલ હોઇ તેવી ફરીયાદ કરવામાં આવેલ નહીં.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે,અત્યારના સમયમાં પ્રત્યેક દસ્તાવેજોની ડીજીટલ કોપી રાખવી આવશ્યક છે. સાહેદ સ્વેછાય જણાવે છે કે, માત્ર ઇ સરકારની લગતી નકલો ની ડીજીટલ કોપી રાખવાની આવશ્યક છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, હાલના દસ્તાવેજની ડીજીટલ કોપી રાખેલ નથી. સાહેદ સ્વેછાય જણાવે છે કે, તે સમયમાં ડીજીટલ કોપી રાખવા આવશ્યક જોગવાઇ ન હતી.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે,આ કેસમાં રેકર્ડના કામે તેઓના કર્માચારીઓને છેલ્લા એકાદ બે માસમાં કોર્ટમાં આવવાનુ થયેલ છે.એ વાત તેઓ ચોકકસપણે કહી શકે નહી કે, તેઓના કર્માચારીને વિધ્વાન એ.પી.પી શ્રી દ્વારા કયાં દસ્તાવેજો સાથે હાજર રહેવું તેની સમજ કરેલ કે નહીં.તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદોની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

## : : નિર્ણય માટે ના કારણો : :

### (૧૦) સાબિતીનું ધોરણ અને સાબિતીનો બોજ

ફોજદારી કાયદામાં એક સુસ્થાપિત અને મૂળભૂત સિદ્ધાંત એવો છે કે સાબિતીનો બોજ સમગ્ર કેસ દરમ્યાન અને સતત ફરીયાદપક્ષ પર જ રહે છે. ફરીયાદપક્ષે તહોમતમાં મુકાયેલા દરેક ગુનાના આવશ્યક ઘટકોને વાજબી શંકા થી પરે સાબિત કરવા પડે છે. આરોપી પર પોતાની નિર્દોષતા સાબિત કરવાની કોઈ ફરજ રહેતી નથી. તેની પાસેથી માત્ર એટલી અપેક્ષા હોય છે કે તે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઊભી કરી શકે.

આ સિદ્ધાંતના ઐતિહાસિક આધાર હાઉસ ઓફ લોર્ડ્‌ના ***Woolmington v. Director of Public Prosecutions***[1] ના ચુકાદામાં જોવા મળે છે, જેમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે સમગ્ર ફોજદારી કેસ દરમ્યાન સાબિતીનો બોજ ફરીયાદપક્ષ પર રહે છે. આ સિદ્ધાંત ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રમાં સંપૂર્ણપણે સ્વીકારાયેલ છે અને તેનો સતત અનુસરણ કરવામાં આવે છે.

ફોજદારી કાયદાના સુવર્ણ સિદ્ધાંત મુજબ, આરોપી પુરવાર થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે. ફરીયાદપક્ષ જો પોતાના પુરાવા દ્વારા આ નિર્દોષતાની ધારણાને તોડી ન શકે, તો આરોપીને શંકાનો લાભ આપવો અનિવાર્ય બને છે.

### (૧૦.૧) પરિસ્થિતિગત પુરાવાનું મૂલ્યાંકન

જ્યારે કેસ સીધા પુરાવા પર આધારિત ન હોય અને મુખ્યત્વે પરિસ્થિતિગત પુરાવા ***(circumstantial evidence)*** પર નિર્ભર હોય, ત્યારે અદાલત માટે પુરાવાના મૂલ્યાંકનનું ધોરણ વધુ કડક બને છે. આવા કેસોમાં અનુમાન, શંકા અથવા સંભાવનાના

---

[1] (1935) AC 462

આધારે દોષસિદ્ધિ કરી શકાતી નથી; પરંતુ દરેક સંજોગ એવો હોવો જોઇએ કે તે એકમાત્ર રીતે આરોપીની દોષિતતા તરફ જ દોરી જાય.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra***[2] ના મહત્વપૂર્ણ ચુકાદામાં પરિસ્થિતિગત પુરાવાના પાંચ સુવર્ણ સિદ્ધાંતો નક્કી કર્યા છે, જે હવે કાયદાનો સ્થિર ભાગ બની ગયા છે. તે સિદ્ધાંતો નીચે મુજબ છે:

1. જે સંજોગો પરથી દોષિતતાનું અનુમાન કરવાનું હોય, તે સંજોગો સંપૂર્ણપણે અથવા ઓછામાં ઓછા પ્રમાણમાં સ્પષ્ટ રીતે સાબિત થયેલા હોવા જોઇએ;

2. સાબિત થયેલ સંજોગો આરોપીની દોષિતતા સાથે જ સુસંગત હોવા જોઇએ;

3. તે સંજોગો નિર્ણાયક સ્વરૂપના હોવા જોઇએ અને નિશ્ચિતતા તરફ દોરી જતા હોવા જોઇએ;

4. તે સંજોગો આરોપીની દોષિતતાના અનુમાન સિવાય અન્ય કોઈ વાજબી અનુમાનને સંપૂર્ણપણે બાકાત કરતા હોવા જોઇએ;

5. સાબિત થયેલ સંજોગોની સાંકળ એટલી સંપૂર્ણ હોવી જોઇએ કે તે ઘટનાને આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિનું કાર્ય ગણી ન શકાય.

જો સંજોગોની સાંકળમાં કોઈ એક પણ મહત્વપૂર્ણ કડી નબળી પડે અથવા તૂટી જાય, તો આરોપીને દોષિત ઠરાવવું યોગ્ય નથી. આથી, પરિસ્થિતિગત પુરાવા પર આધારિત કેસોમાં અદાલત માટે દરેક સંજોગને અલગ-અલગ તેમજ સંયુક્ત રીતે કડક કસોટી પર પરખવા જરૂરી છે.

---

[2] 1984 (0) AIJEL-SC 26145

**(૧૧) કાયદાકીય માળખું અને જોગવાઈઓઃ-**

પ્રસ્તુત કેસમાં આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૦૯, ૪૨૦,૪૬૫,૧૧૪ અન્વયે તહોમત મુકવામાં આવેલ છે. પુરાવાનું મૂલ્યાંકન કરતા પૂર્વે, આ કલમોની કાયદાકીય આવશ્યક ઘટકો સમજવા જરૂરી બને છે, કારણ કે ફોજદારી ગુનામાં દોષ સિદ્ધિ માત્ર

**(અ) ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯ અન્વયેનો ગુન્હો પુરવાર કરવાના આવશ્યક તત્વો નીચે મુજબ છે**

રાજયસેવકે અથવા બેન્કરે, વેપારીએ અથવા એજન્ટે ગુનાહીત વિશ્વાસઘાત કરેલ હોય તો તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

તે અન્વયે ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઈન્ડીયન પીનલ કોડ કલમ-૪૦૫ માં આપેલ છે જે વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

જે કોઈ વ્યકિતને, પોતાને કોઈપણ રીતે કોઈ મિલકત અથવા મિલકત ઉપરનો કોઈ અધિકાર સોંપાયેલા હોય અને મિલકતને દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે અથવા એવા ટ્રસ્ટનો અમલ કરવાની રીતે દર્શાવતા કાયદાના આદેશનું અથવા એવા ટ્રસ્ટને સ્પર્શતા પોતે કરેલા કાયદેસરના કોઈ સ્પષ્ટ કે ગર્ભીત કરારના આદેશનો ભંગ કરીને, તે મિલકતનોબદદાનતથી દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે અથવા જાણીજોઈને બીજી વ્યકિતને તેમ કરવા દે તે ગુનાહિત વિશ્વાસઘાત કરે છે.

આમ, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૫ હેઠળ ગુન્હાહિત વિશ્વાસઘાત કોઈ વ્યકિતએ કરેલ હોય તે પુરવાર કરવા ફરિયાદ પક્ષે નીચેની બાબતો પુરવાર કરવી પડે.

(૧) કોઈ વ્યક્તિને કોઈપણ રીતે મિલકત અથવા મિલકત ઉપરના કોઈ અધિકાર સોંપાયેલા હોય,

(૨) તે વ્યકિત મિલકતનો દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લે,

(૩) અથવા તે વ્યકિત ટ્રસ્ટનો અમલ કરવાની રીત દર્શાવતા કાયદાના આવેશનું અથવા પોતે કરેલ કાયદેસરની સ્પષ્ટ કે ગર્ભીત કરારના આદેશનો ભંગ કરીને મિલકત બદદાનતથી દુર્વિનિયોગ કરે અથવા પોતાના ઉપયોગમાં લે,

(૪) અથવા જાણીજોઈને બીજી વ્યકિતને તેમ કરવા દે તો તે વ્યકિતએ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ છે.

**(બ) કલમ-૪૨૦ - ઠગાઈ**

કલમ-૪૨૦ એ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૧૫માં વ્યાખ્યાયિત ઠગાઈ માટેની સજા નક્કી કરે છે. કલમ-૪૧૫ મુજબ, કોઈ વ્યક્તિ ઠગાઈ કરે છે જ્યારે તે-

- કપટપૂર્ણ અથવા બેઇમાનીપૂર્વક કોઈ વ્યક્તિને છેતરે છે; અને
- તે છેતરપિંડી દ્વારા છેતરાયેલ વ્યક્તિને કોઈ મિલકત, કિમતી જામીનગીરી આપવા માટે પ્રેરિત કરે છે, અથવા
- છેતરનાર પોતે તે મિલકત પ્રાપ્ત કરે છે અથવા જાળવી રાખે છે; અને
- આ સમગ્ર કૃત્ય આરંભથી જ બેઇમાની ઇરાદાથી કરવામાં આવેલ હોય.

**(ક) કલમ-૪૬૫ - ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો**

ભારતીય દંડ સંહિતાની કલમ -૪૬૫ ખોટા દસ્તાવેજ બનાવવાના ગુનાની સજા નક્કી કરે છે, જ્યારે કલમ-૪૬૩ ખોટા દસ્તાવેજ ની વ્યાખ્યા આપે છે. આ કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે નીચેના આવશ્યક ઘટકો પુરાવાથી સ્થાપિત થવા જોઇએ:

- કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો ભાગ બનાવવામાં આવ્યો હોવો;
- તે દસ્તાવેજ બનાવનારને જાણતું હોવું કે દસ્તાવેજ ખોટો છે;

• દસ્તાવેજ કોઈ વ્યક્તિને નુકશાન પહોંચાડવા, કાયદેસર હકને અસર કરવા, અથવા ખોટા દાવાને સમર્થન આપવા માટે ઇરાદાપૂર્વક બનાવવામાં આવ્યો હોવો.

**(ઇ) કલમ-૧૧૪ – મદદગારી**

ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ સહભાગિતા અથવા મદદગારી અંગેની જોગવાઈ છે. આ કલમ લાગુ થવા માટે નીચેના તત્વો સાબિત થવા જોઇએ:

- કોઈ વ્યક્તિ ગુનો કરવા માટે મદદગારી કરે છે અથવા પ્રેરણા આપે છે;
- તે વ્યક્તિ ગુનાના સમયે જાતે હાજર નથી;
- ગુનો આ મદદગારીના પરિણામે કરવામાં આવે છે.

આ કલમ સ્વતંત્ર ગુનો સર્જતી નથી, પરંતુ તે મુખ્ય ગુનાની સાબિતી પર આધારિત સહાયક જોગવાઈ છે.

**(૧૨) દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકનઃ**

દસ્તાવેજી પુરાવાના મૂલ્યાંકન માટે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની જોગવાઈઓ માર્ગદર્શક બને છે. ખાસ કરીને કલમ-૬૫ અને કલમ-૬૬ મુજબ, જ્યારે દસ્તાવેજની વિગતો, ખરાઇ અથવા અસ્તિત્વ જ વિવાદમાં હોય, ત્યારે મૂળ દસ્તાવેજ અદાલતમાં રજૂ કરવો આવશ્યક છે, સિવાય કે કાયદા દ્વારા નિર્ધારિત અપવાદો લાગુ પડતા હોય.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Gopal Krishnaji Ketkar Versus Mohamed Haji Latif***[3] માં સ્પષ્ટ રીતે નિર્ધારણ કર્યું છે કે જ્યારે કોઈ પક્ષ દસ્તાવેજ પર આધાર રાખે છે અને તે દસ્તાવેજ તેના કબજામાં અથવા નિયંત્રણમાં હોવા છતાં રજૂ કરવામાં

---

[3] 1968 (0) AIJEL-SC 9677

આવતો નથી, ત્યારે અદાલત એ અનુમાન કરી શકે છે કે જો તે દસ્તાવેજ રજૂ થયો હોત, તો તે પક્ષ વિરુદ્ધ ગયો હોત. ખાસ કરીને જ્યારે દસ્તાવેજની વિગતો જ વિવાદનો મુખ્ય મુદ્દો હોય, ત્યારે મૂળ દસ્તાવેજ રજૂ ન થવો એક ગંભીર પુરાવાત્મક ખામી બને છે.

આથી, દસ્તાવેજી પુરાવાના કેસોમાં અદાલત માટે નીચેની બાબતો વિશેષ મહત્વ ધરાવે છે:

- દસ્તાવેજનું મૂળ સ્વરૂપે રજૂ થવું;
- તેની પુરાવાની કડી ;
- તેની ખરાઇ અને વિશ્વસનીયતા;
- અને તે દસ્તાવેજમાંથી કાઢવામાં આવતા અનુમાન કાયદાની કસોટી પર ટકી શકે તેવા હોવા.

આ તમામ સિદ્ધાંતોના પ્રકાશમાં, અદાલતને વર્તમાન કેસમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે, જે ચર્ચા આગળના ભાગોમાં કરવામાં આવી છે.

**(૧૨.૧) મુળ ફરીયાદીનું હયાત ન હોવું**

બચાવપક્ષ નો મુખ્ય બચાવ એ છે કે, વર્તમાન કેસમાં ફરીયાદી મરણ ગયેલા હોય તેઓને હાજર રાખી કેસમાં રજુ થયેલા પુરાવા અંગે ફરીયાદપક્ષ દ્વારા અસલ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલા નથી. જે અંગે આંક - ૪૪ થી ફરિયાદીને સમન્સ કાઢવામાં આવેલ જે ફરિયાદી મરણ ગયેલ હોય ના સેરા સાથે પરત ફરેલ તેની સાથે નિ.૪૪/૧ થી રજુ રામજીભાઇ માવજીભાઇ રબારી નું મરણ સર્ટીફીકેટ ધ્યાને લેતાં તે ગુજરી ગયેલા હોય આ કામે તેઓને હાજર રાખી જુબાની લઇ શકાય તેમ નથી પરતું, આંક- ૪૬ થી ફરીયાદપક્ષ દ્વારા હસમુખભાઇ નગીનદાસ જોધાણી નાઓને સોગંધ પર તપાસવામાં આવેલા છે.તેઓ બનાવ સમયે જિલ્લા રજિસ્ટ્રાર અમદાવાદ(ગ્રામ્ય) તરીકે ફરજ બજાવતા હતા. અહીં તેઓ દ્વારા એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે કે તેઓ દ્વારા કોઈ અરજદારનું નિવેદન લેવામાં આવેલ નથી. તેઓએ તેમની સોગંદ ઉપર જુબાની માં એ હકીકત જણાવેલ છે કે

હાલના ફરિયાદી રામજીભાઈ અસલ ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવેલા હતા જે અંગે નો લેખિત હુકમ આંક ૪૭ થી આ કામે રજૂ છે. અને આ કામે ફરિયાદ લેતાં પહેલાંની તમામ પ્રાથમિક તપાસ તેઓના દ્વારા કરવામાં આવેલ. સદર સાહેદ માત્ર સાથી કર્મચારી હોવાના કારણે તેમની સહી ઓળખી બતાવે છે. ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજોને માર્ક એ થી એચ આપવામાં આવેલ છે.

આમ કામે એ હકીકત રેકર્ડ પર છે કે ફરીયાદી સદર કામે સાહેદ હસમુખભાઇ નગીનદાસ જોધાણી નાઓ એ કરેલા સ્વીકાર પરથી એ હકીકત સ્પષ્ટ છે કે આ કામે કેસ ઉપર આધાર રાખતા કોઇ પણ અસલ દસ્તાવેજો રજુ થયેલા નથી. તેઓએ પોતે ફરિયાદીઓ સાથે કામ કરેલ જેથી તેઓ ફરિયાદીની સહી ઓળખી બતાવેલ છે. જેથી ફરિયાદ પક્ષ મૂળભૂત હકીકતો દસ્તાવેજી પુરાવાથી રેકોર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલા છે.

સામાન્ય રીતે, ફરીયાદી ને ન તપસવાથી ફરીયાદપક્ષના કેસને હંમેશા ઘાતક અસર પડે એવું નથી, પરંતુ જ્યાં દસ્તાવેજી પુરાવાની જપ્તી, જાળવણી અને ચેન ઓફ કસ્ટડી અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને ત.ક.અમલદાર દ્વારા એ હકીકત સ્વીકારમાં આવેલ છે કે તેઓ દ્વારા ફરીયાદ અંગે કોઇ સ્વતંત્ર તપાસ કરાવમાં આવેલ નથી અને માત્ર જીલ્લા રજીસ્ટ્રારશ્રીના અહેવાલ પર આધાર રાખેલ છે અને તપાસ અર્થે જીલ્લા રજીસ્ટ્રારના અહેવાલ સાથે રજુ રાખેલા દસ્તાવેજો સિવાય અન્ય કોઇ દસ્તાવેજો મેળવેલા નથી. જેથી ફરીયાદીના પુરાવા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. કારણ કે, ફરીયાદીદ્વારા આજ કામે દસ્તાવેજો પ્રાપ્ત કરી રજુ રાખવામાં આવેલા ની હકીકત રેકર્ડ પર છે. જેથી આ કામે ફરીયાદ જ એક માત્ર એવા સાક્ષી છે જે તેમની ફરિયાદ આપ્યા પહેલા કરવામાં આવેલી કાર્યવાહી, દસ્તાવેજોની પ્રાપ્તી, તેમની જપ્તી તથા અદાલત સુધી પહોંચતા સુધીની પ્રક્રિયા અંગે પ્રાથમિક અને સીધી જાણકારી આપી શકે.

વર્તમાન કેસમાં, આરોપોની રચના મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા પર આધારિત છે, આવી પરિસ્થિતિમાં ફરીયાદીના પુરાવા વિશેષ મહત્વ ધરાવતા પરંતુ આ કામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ ધિરાણપત્રકો કે ફરિયાદ નોંધાવવા અંગેનો હુકમની અસલ પ્રતો પુરાવા તરીકે રજૂ થયેલ ન હોય જેના

કારણે ફરિયાદ પક્ષનો મૂળ થી જ ખામી ભરેલો જણાય આવે છે. અહીં નીચે મુજબના દસ્તાવેજની ખરાઈ થઈ શકતી નથી.

૧) માર્ક થી એચ અને વાંધા સાથે આંક- ૬૫ થી ૭૯ સુધીના રજૂ દસ્તાવેજો ક્યાંથી, ક્યારે અને કેવી રીતે મળ્યા અથવા જપ્ત કરવામાં આવ્યા, તેની સ્પષ્ટતા થઇ શકતી નથી.

૨) આવા દસ્તાવેજોની ચેન ઓફ કસ્ટડી અર્થાત્ દસ્તાવેજ તપાસ દરમ્યાન કોના કબજામાં રહ્યા, કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવ્યા અને અદાલત સમક્ષ કેવી રીતે રજૂ થવા પાત્ર હતા વગેરે તમામ બાબતેકોઈ ચોક્કસ પુરાવો રેકોર્ડ પર જણાઈ આવતો નથી.

૩) તપાસ દરમ્યાન ફરિયાદીએ કયા કયા પગલાં લીધા, કઈ પૂછપરછ કરી, કયા નિષ્કર્ષો પર પહોંચ્યા અને તે આધારે અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

આ તમામ બાબતો સ્પષ્ટ કરવા માટે યોગ્ય દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ રજૂ રાખી શકલ નથી.

ફરિયાદીના અવસાનને કારણે તેમનું હાજર ન થવું એક હકીકત છે, પરંતુ તે હકીકતથી આપમેળે ફરીયાદપક્ષને પુરાવાના ભારમાંથી મુક્તિ મળતી નથી. જ્યારે કેસનો મોટો આધાર દસ્તાવેજી પુરાવા પર હોય અને તે દસ્તાવેજોની પ્રાપ્તી, જપ્તી તથા પ્રામાણિકતા અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય, ત્યારે ફરિયાદી તરફથી કરવામાં આવેલી પ્રાથમિક તપાસ અને તેના ઉપરથી રજૂ કરવામાં આવેલો અહેવાલ વિશેની હકીકત રેકર્ડ પર પુરવાર થઈ શકતી નથી.વધુમાં જ્યારે. આ કામે સાહેદ હસમુખભાઇ નગીનદાસ જોધાણી ફરિયાદીના સાથી કર્મચારીઓ હોવાના કારણે તેમની સહી ઓળખી બતાવી ફરિયાદની હકીકતો સાબિત કરવા માટેના પ્રયાસો કરી શકે. પરંતુ જો આટલી હકીકત માની લેવામાં આવે તો પણ તેનાથી ફરિયાદની વિગતો આપોઆપ સાબિત થઈ જતી નથી.

**(૧૨.૨) સાક્ષીઓનો પુરાવો**

આ કામે આંક-૪૬ થી સાહેદ હસમુખભાઇ જોધાણીની જુબાની ધ્યાને લેતાં તેઓ પોતે ફરીયાદ નોંધેલ નથી અને તેઓ આ કામે ફરીયાદી રામજીભાઇ રબારીના સાથી કર્મચારી હોઇ તેઓની સહી ઓળખી બતાવી છે અને તેઓ દ્વારા ફરીયાદ વખતે રજૂ દસ્તાવેજો આ કામે રજુ રાખવામાં આવેલા છે અને અન્ય કોઇ મહત્વની કામગીરી તેમના દ્વારા કરવામાં આવેલ હોઇ તેવું કંઇ રેકર્ડ પર નથી તેઓની તપાસ દરમિયાન અંગુઠા કોને કરેલા તે અંગે પણ કરેલ નથી તે એફ.એસ.એલમાં મોકલેલા નથી. આથી સદર સાહેદની જુબાનીથી ફરીયાદની હકીકત સાબિત કરી શકાય નહીં તેવું આ અદાલતનું સ્પષ્ટ માન્વું છે.

ત્યારબાદ આંક-૪૯ થી વકતુજી વરસંગજી ઠાકોર, આંક-૫૦ થી દશરથભાઇ સીતારામ સાધુ અને આંક-૫૩ થી ધનાભાઇ નાથાભાઇ રાવળની સોગંધ પરની જુબાનીનું વિશ્લેષણ કરતા તે તમામ ફરીયાદ પક્ષને સમર્થન ન કરતા હોય તે તમામ ને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવે છે આથી તેઓની જુબાની પણ માન્ય રાખી શકાય નહીં.

વધુમાં આ કામે આંક-૫૭ થી ત.ક.અ. અજયસિંહ હદયસિંહ રાજપુત ની જુબાની ધ્યાને લેતાં તેઓએ જીલ્લા રજીસ્ટારશ્રીની ફરીયાદ ને ધ્યાને લેતાં દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઇ સ્વતંત્ર તપાસ કરેલ નથી અને તમામ દસ્તાવેજ પુરાવાની અસલ પ્રત્રો પણ મેળવી આ કામે રજુ રાખેલ નથી. જેથી તેમની તપાસ પણ રહેલી ખામીઓ ના કારણે ફરીયાદ પક્ષનો કેસ વ્યાજબી શંકાઓથી પરે પુરાવાર થઇ શક્તો નથી.

ત્યારબાદ આંક-૬૦ થી જુનેદ અબ્દુલ કરીમ શેખ અને આંક-૬૪ થી મેહુલકુમાર સુખેદેવભાઇ (જીલ્લા રજીસ્ટ્રર) ની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓ પણ માત્ર ઝેરોક્ષ તરીકે કથિત દસ્તાવેજો કોર્ટમાં રજુ રાખેલ છે જેથી તેમના પુરાવાથી પણ ફરીયાદ પક્ષને કોઇ સમર્થન મળતું નથી

**(૧૨.૩) દસ્તાવેજી પુરાવાઓનું વિશ્લેષણ**

આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને એકી સાથે વંચાણે લેતા, આ કામે આંક-૪૭ થી ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરેલ હુકમ રજુ છે. જે જોતાં,જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદના તા.૧૫/૦૨/૨૦૦૫ ના જાવક નં.સકક/૦૧/ચ-૧/૯૯/૨૦૦૫ પોલીસ ફરીયાદ માટેનો હુકમ જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો કલર નો સિક્કો છે અને સહી જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૪૮ થી ફરિયાદ રજુ છે. જે જોતાં,રામજીભાઈ રબારી નાઓએ તા.૧૫-૦૨-૨૦૦૫ ના રોજ ફરિયાદ કરેલ જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૫૮ થી રજુ છે. વધુમાં આ કામે આંક-૬૧ થી અસલ રેકર્ડ રજુ કરવાનો પત્ર રજુ છે.જે જોતા, જુનેદ અબ્દુલકરીમ શેખનાઓએ જીલ્લા રજીસ્ટ્રારશ્રી અમદાવાદને ઉદ્દેશીને સદર કેસ બાબતે અસલ રેકર્ડ નામદાર કોર્ટમાં રજુ કરવા જણાવેલ. જે પત્ર આ કામે રજુ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આ કામે આંક-૬૧ થી રજુ છે. વધુમાં આ કામે આંક-૬૨ થી અધિકાર પત્ર રજુ છે. જે જોતાં,તા.૧૭-૧૨-૨૦૨૫ ના રોજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી મેહુલ એસ.પટેલ દ્વારા તેઓને ઉદ્દેશીને અધિકારપત્ર લખેલ. જે મુજબ તેઓને ભટારીયા સેવા સહકારી મંડળી મુ.ભટારીયા તા.દેત્રોજ જી.અમદાવાદ ની મંડળીનું ઉપલ્બધ રેકર્ડ સાથે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી(ગ્રામ્ય) અમદાવાદ વતી મહે. જયુડી.મેજી.ફ.ક કોર્ટ દેત્રોજના ક્રિમીનલ કેસ ૫૦/૨૦૧૭ ના સંદર્ભે હાજર રહેવા સારુ તેઓને અધિકૃત કરવામાં આવેલ. જે પત્ર નો ક્રમાંક:અષણ /૦૧/ગ૧/૨૦૨/૨૦૨૫,તા.૧૭/૧૨/૨૦૨૫ છે.જેમાં જીલ્લા રજીસ્ટ્રાર સહાકરી મંડળી (ગ્રામ્ય) તરીકે મેહુલ એસ.પટેલ ની સહી જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૬૭ થી અહેવાલ રજુ છે. જે જોતાં, સહકારી અધિકારી (બજાર) જીલ્લા સહકારી મંડળી (રૂરલ) અમદાવાદ નો ભટારીયા સેવા સહકારી મંડળી લી. નો અહેવાલ રજુ છે. જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો સિક્કો છે અને સહી જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૬૮ થી ભ્રષ્ટાચારની તપાસ કરવાની અરજી રજુ છે. જે જોતાં,નાડીયા મંગળભાઈ શંકરભાઈ મુ.ભટારીયા ની તા.૨૬-૦૧-૨૦૦૫ જીલ્લા રજીસ્ટ્રાર સાહેબને ઉદ્દેશી ને ભ્રષ્ટ્રાચારની તપાસ

કરવાની અરજી જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો સિક્કો છે અને સહી જણાઇ આવે છે.જે આ કામે આંક-૬૯ થી શંકરજી સોમાજીનો મરણનો દાખલો રજુ છે. જે જોતાં, તા.૦૭-૦૧-૨૦૦૧ ના રોજ શંકરભાઈ સોમાભાઈ મરણ પામેલ હોવાનું જણાઇ આવે છે.વધુમાં આ કામે આંક-૭૦ થી નિવેદન રજુ છે. જો જોતાં,ખોડાજી શંકરજી ઠાકોરનાઓએ તા. ૧૦-૦૨- ૨૦૦૫ નું રૂબરૂ નિવેદન જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો સિક્કો છે અને સહી જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૧ થી રોજમેળ રજુ છે. જે જોતાં,રોજમેળ ના પાન નં.૪૦ ઉપરના રૂા.૪૬,૭૦૦/-નુ શંકરભાઈ સોમાભાઈ નામે ઉધારેલ જણાઇ આવે છે. જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો સિક્કો છે અને સહી છે.વધુમાં આ કામે આંક-૭૨ થી ઠરાવ રજુ છે. જે જોતાં, મેનેજીંગ કમીટીના કામની નોંધ ઠરાવ ૧ થી ૩ (પેજ -૨) બંને પેજમાં જેમાં મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (ગ્રાહક) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી અમદાવાદ(રૂરલ)નો સિક્કો છે અને સહી જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૩ થી નાણા કરજ લેવાની અરજી રજુ છે. જે જોતા,તા.૨૯-૦૬-૨૦૦૨ ના રૂા.૪૬,૭૦૦/-નુ ઉધારેલ.જે ઠરાવની તા.૦૪-૦૫-૨૦૦૨ ઠરાવ નં.3 શંકરભાઈ સોમાભાઇ નાડીઆની લોન મંજુર કરવામાં આવેલ છે. જેમાં શંકરભાઈ સોમાભાઇ ના ડાબા હાથના અંગુઠાનુ નિશાન જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૪ થી નાણાંનું કરજ પત્ર રજુ છે. જે જોતાં, ધી ભટારીયા સેવા સહકારી મંડળીનું કરજખતમાં નાડીઆ શંકરભાઈ સોમાભાઈ છે જેમાં રૂા.૪૬,૭૦૦/- રકમ છે જેમાં શંકરભાઈ સોમાભાઈ ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે અને જામીન નં.૧ સોમાભાઇ ગોવાભાઈ તથા જામીન નં.૨ મોતીરામ શંકરદાસનું નામ જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૫ થી ઉપાડ કરવાનું માંગણા પત્રક રજુ છે.જે જોતાં,આ કામે એડીસી બેન્કનું માંગણાપત્રક રજુ કરે છે જેમા પાકની અલગ અલગ પાકની ધીરાણની વિગતો હોય છે જેમા અનુ. જનજાતી મોટા ખેડુત શંકરભાઈ સોમાભાઈ નાડીઆના રોકડામાં રૂા.૩૯,૨૦૦/- અને માલના રૂા.૩૭,૫૦૦/- એમ કુલ રૂા.૭૬,૭૦૦/- ની શાખ મંજુર થયેલ છે જે સને-૨૦૦૨ અને ૨૦૦૩ માં માંગણાના પત્રક પ્રમાણે દર્શાવેલ છે. વધુમાં આ કામે આંક-૭૬ થી

જામીન ખત રજુ છે. જે જોતાં,જેમા પહેલા જામીન શંકરભાઈ ગોવાભાઈના ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે અને બીજા જામીન મોતીરામ શંકરદાસના અંગુઠાનુ નિશાન છે અને સાક્ષીમાં ઠાકોર કડવાજી શંકાજી તથા નાડીઆ ગણપતભાઈ બોઘાભાઈ છે અને તેના દરેક પેજ ઉપર ચેરમેન તથા સેક્રેટરીના સહી તથા હોદ્દાના સિક્કા જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૭ તથા આંક-૭૮ થી નાણાં કરજે લેવાની અરજી રજુ છે. જે જોતાં,ધી ભટારીયા સેવા સહકારી મંડળીમાં કરજ માંગનાર નાડીયા શંકરભાઇ સોમાભાઇ જણાઇ આવે છે. વધુમાં આ કામે આંક-૭૯ થી એફ.આઇ.આર. રજુ છે.

સદર કામે ફરિયાદપક્ષ ધ્વારા અગાઉ માર્ક-એ થી માર્ક-એફ સુધી અલગ અલગ દસ્તાવેજીની ઝેરોક્ષ નકલો રજુ રાખવામાં આવેલ છે. જે મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રીનાઓના ધ્વારા માર્ક સ્વરુપે રાખવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજોને અસલ ન હોય આંકે પાડવામાં આવેલ ન હતા.

વધુમાં આંક-૫૭ થી અજયસિંહ હરદયસિંહ રાજપૂતનાઓની ત.ક.અમલદાર તરીકેની જુબાની નોંધવામાં આવેલ છે. જે સૌ પ્રથમ તેઓ આરોપીને ચોક્કસપણે ઘણો સમય થઇ ગયેલો હોય ઓળખી બતાવેલ નથી અને તેમણે એ હકીકતો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓ દ્વારા સહકારી મંડળીના ઠરાવ, રોજકામ, નાણાધિકારનો કરજ ખર્ચ, જામીનખત, માંગના પત્રક, ચેરમેન તથા સેક્રેટરીનું સંયુક્ત નિવેદન તથા દસ્તાવેજો પંચનામુ કરી લેવા જોઈએ. પરંતુ આ કામે કોઇ પંચનામુ કરી કોઇ અસલ દસ્તાવેજ રજૂ રાખેલ નથી. વધુમાં આ કામે કોઈ ઓડિટ રિપોર્ટ પણ રજૂ રાખેલ નથી. તેઓએ કરેલા સ્વીકાર મુજબ જિલ્લા અધિકારીશ્રી સહકારી મંડળીના હુકમ મુજબ મળેલ દસ્તાવેજી પુરાવા મુજબ આ કામે જિલ્લા અધિકારી શ્રી સહકારી મંડળીના હુકમ મુજબ મળેલ મળેલ દસ્તાવેજી પુરાવા સિવાય તેઓના દ્વારા કોઇ વધારાની તપાસ કરવામાં આવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ કામે સૌ પ્રથમ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં અરજી કરવામાં આવેલ અને ત્યારબાદ હાલની ફરિયાદ દાખલ થયેલ છે અને આ કામે તેઓએ કોઇ અંગૂઠાના નિશાન

એફએસએલમાં પણ મોકલેલા નથી કે હાલની ફરિયાદના કામે કોઈ ઈસમના નિવેદન નોંધેલા નથી.તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, બનાવ, ગુનો ચોક્કસ કઈ તારીખે બન્યો તે તેઓ જણાવી શકે નહીં અને આ કામે કોઈ દસ્તાવેજી પુરાવા કોઈ સાહેબ દ્વારા તેઓને આપવામાં આવેલા નથી કે તેઓને સદર કામે તપાસના દસ્તાવેજોની કાર્બન કોપી આપવામાં આવેલ હોય તે અંગે પણ તેઓને કોઈ વિગત ખબર નથી. વધુમાં ઉચાપતની રકમ કયાં ખાતામાં ટ્રાન્સફર થઈ તે અંગે પણ તેઓ ચોક્કસ રીતે તે અંગે તપાસ કરલે નથી.

આમ, સદર ત.ક.અ.ની સમગ્ર જુબાની ધ્યાને લેતા, તેઓ દ્વારા કોઈ વિશેષ તપાસ કરવામાં આવેલ હોય તેવું તેમની જુબાની ઉપરથી જણાઈ આવતું નથી. જેથી સદર માર્ગ પડેલા દસ્તાવેજો તપાસ કરનાર અમલદાર દ્વારા અસલ સ્વરૂપે તપાસ અર્થે કબજે રાખવામાં આવેલા હોય. તે હકીકત પર રેકોર્ડ પર જણાઈ આવતી નથી. આથી સદર દસ્તાવેજોની ખરાઈ કરવા બાબતે ફરિયાદ પક્ષ સદંતર પણે નિષ્ફળ રહેલ છે.

તેમ છતાં ફરિયાદ પક્ષે આંક-૬૦ થી જુનેદ અબ્દુલ કરીમ શેખ (ઓડિટર, અમદાવાદ) નાઓને તપાસ અર્થે હાજર રાખવામાં આવેલા. જેઓને જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળી)નાઓને સમન્સથી હાજર રાખવા માટે જણાવવામાં આવેલ હોય તેઓએ હુકમ કરી સદર સાહેદને કોર્ટમાં આવવા અધિકાર પત્ર આપેલ. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો ટુ કોપી તરીકે રજૂ રાખવામાં આવેલા. પરંતુ સદર દસ્તાવેજો ધ્યાને લેતાં, તે તમામ ઝેરોક્ષ નકલ જણાઈ આવેલ. જેના ઉપર મદદનીશ અધિકારી જિલ્લા રજિસ્ટ્રાર(ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ, અમદાવાદ)નાઓનો વાદળી સિક્કો અને તેના ઉપર  તેના ઉપર ટૂંકી સહી કરેલ હોવાની હકીકત અત્રેની કોર્ટ દ્વારા જુબાનીમાં નોંધવામાં આવેલ. જે તમામ દસ્તાવેજોને આરોપી પક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા વાધો રજૂ કરતાં આ કોર્ટે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી( રૂરલ અમદાવાદ)નાઓને અસલ દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહેવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે, આંક-૬૪ થી ફરિયાદ પક્ષે મેહુલ કુમાર સુખદેવભાઈ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર (ઇ.ચા), (અમદાવાદ ગ્રામ્ય)નાઓને હાજર રાખી

તેમની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. જે બાબતે સદર સાહેદ દ્વારા અગાઉની જુબાનીમાં આંક-૬૦ વાળા સાહેબની જુબાનીમાં રજૂ દસ્તાવેજો અસલની અવેજમાં હાજર રાખવામાં આવેલ. જે તમામ દસ્તાવેજો અગાઉ નોંધેલ છે તે વૃત્તિ મુજબ માત્ર ઝેરોક્ષ નકલ છે. તેના ઉપર કોઈ અસલ ટુ કોપી કે સર્ટિફાઇડ કોપી કરેલાની વિગત જણાવેલ નથી. જે અંગે વિદ્વાન એ.પી.પી.શ્રીની વિનંતી ધ્યાને રાખી તમામ દસ્તાવેજોને પુરવાર કરવાની શરતે વાંધા સાથે આરોપીનો વાંધા અકબંધ રાખીને આંક-૬૬ થી આંક-૭૯ આપવામાં આવેલ છે.

જે તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું એકીસાથે મૂલ્યાંકન કરતા, એ હકીકત સ્પષ્ટ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા કોઈ પણ અસલ દસ્તાવેજ આ કામે રજૂ રાખી તેની વિગતો નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ જ્યારે ફરિયાદ પક્ષ અમુક દસ્તાવેજોને ખરી નકલ કે ઓફિસ કોપીના સંદર્ભે પુરાવા તરીકે કોર્ટમાં રજૂ રાખે છે. ત્યારે તે પુરાવા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ મુજબ ગૌણ પુરાવા તરીકેના આવશ્યક તત્વોથી પુરવાર થવા જરૂરી છે. પરંતુ આ કામે ફરિયાદ પક્ષ દ્વારા દસ્તાવેજોને માત્ર પડાવી દેવાથી તે સાબિત થઈ ગયેલા માની શકાય નહીં અને જે કારણોસર હાલના કામે ફરિયાદપક્ષ કેસમાં અસલ દસ્તાવેજો હાજર રાખી પુરવાર કરી શકેલ નહીં તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે.

આ હકીકત માત્ર એક સામાન્ય પ્રક્રિયાત્મક ખામી નથી, પરંતુ ફરીયાદપક્ષના કેસ માટે અત્યંત ગંભીર બાબત છે. કારણ કે, ફરીયાદપક્ષે જે દસ્તાવેજોને કેસ ના મૂળ તરીકે રજૂ રાખવામાં આવેલ છે, તે જ દસ્તાવેજો અદાલત સમક્ષ મૂળ સ્વરૂપે રજૂ ન થવાથી તેમની ખરાઇ, વિગતો અને અસ્તિત્વ અંગે કોઈ ન્યાયિક તપાસ શક્ય બનતી નથી. ભારતીય પુરાવા અધિનિયમ મુજબ, દસ્તાવેજી પુરાવા બાબતે મૂળ પુરાવા રજૂ કરવાનું સૈદ્ધાંતિક મહત્વ કાયદાનું મહત્વનું પાસું છે.

આ હકીકત ને સાહેદની ઉલટતપાસમાંથી મળતી કબૂલાત વધુ સશક્ત બનાવે છે. સાહેદ હસમુખભાઇ નગીનદાસ જોધાણી એ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, આ કામે બનાવ સંબંધી મૂળ દસ્તાવેજો તેની પાસે ઉપલબ્ધ નથી અને જે નકલો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી છે તે

ઓફિસ રેકર્ડમાં રહેલી ઝેરોક્ષ નકલ છે અને તેમના દ્વારા અસલ દસ્તાવેજો રજૂ રાખવા પ્રયત્ન કરવામાં આવેલ છે પરતું તેઓને અસલ દસ્તાવેજ મળી શકેલ નથી. તપાસ કરનાર અમલદારે પણ આ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમને તપાસ દરમિયાન અહેવાલ સાથે કોઈ અસર દસ્તાવેજો મળી આવેલા નથી. આવી કબૂલાતના પ્રકાશમાં સ્પષ્ટ થાય છે કે, અદાલત સમક્ષ રજૂ થયેલ નકલો મૂળ દસ્તાવેજોમાંથી સીધી પ્રાપ્ત થયેલ પ્રાથમિક પુરાવા નથી, પરંતુ ઝેરોક્ષ છે જે આપોઆપ વિશ્વસનીય કે કાયદેસર ગૌણ પુરાવો તરીકે સાબિત થઇ જતી નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ હેઠળ ગૌણ પુરાવો સ્વીકારવા માટે ફરીયાદપક્ષે પ્રથમ એ સ્થાપિત કરવું આવશ્યક રહે છે કે, મૂળ દસ્તાવેજો ક્યાં ગયા, છેલ્લે કોના કબજામાં હતા, તેઓ કેમ ઉપલબ્ધ નથી, તેમને શોધવા માટે શું પ્રયત્નો કરાયા વિગેરે. વર્તમાન કેસમાં આવી મૂળભૂત પાયાની હકીકતો સંતોષકારક રીતે સ્થાપિત થયેલ જણાતી નથી. તેની સાથે સાથે, ઝેરોક્ષ ના આધારે દસ્તાવેજની સહી, સિક્કો, લખાણ, તારીખ અને પ્રામાણિકતા અંગે સ્વતંત્ર ન્યાયિક ચકાસણી શક્ય બનતી નથી. તપાસ કરનાર અમદા દ્વારા પણ.આવા દસ્તાવેજોની.એફ એસ. એલ. કચેરી.માં મોકલી તેમની ખરાઇ કરવામાં આવેલ નથી અને અસલ દસ્તાવેજો મેળવવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવેલા નથી. તેથી સાહેદોની ઉલટતપાસ એ દર્શાવે છે કે અદાલત સમક્ષ રહેલ દસ્તાવેજો કાયદેસર રીતે કલમ-૬૫ના માપદંડોને પૂર્ણ કરતા નથી, અને પરિણામે કથિત દસ્તાવેજો ની વિગતો, અસ્તિત્વ અને ખરાઇ અંગે ફરીયાદપક્ષનો આધાર વધુ શંકાસ્પદ અને નબળો બને છે.

જ્યારે કોઈ દસ્તાવેજની ખરાઇ, પ્રામાણિકતા અથવા તેની વિગતો જ વિવાદનો મુખ્ય મુદ્દો હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ મુજબ મૂળ દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક બને છે, સિવાય કે કાયદેસર રીતે ગૌણ પુરાવા *(secondary evidence)* સ્વીકારવા માટે જરૂરી તત્વો સ્થાપિત કરવામાં આવ્યા હોય. વર્તમાન કેસમાં, ન તો મૂળ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે અને ન તો તેમની ગેરહાજરી અંગે કલમ-૬૫ મુજબનું કોઈ સંતોષકારક કારણ રેકર્ડ પર મૂકવામાં આવ્યું છે.

આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત ના તાજેતર ના ***Tharammel Peethambaran Versus T. Ushakrishnan***[4] ચુકાદાને ધ્યાને લેવો જરૂરી છે,

*20. The broad parameters summarising the procedure to be followed for introducing secondary evidence are reiterated and read thus:*
*20.1 The fundamental principle of the Indian Evidence Act is that facts have to be established by primary evidence [Jagmail Singh v. Karamjit Singh, (2020) 5 SCC 178. (Para 14)]. Section 64 mandates that documents must be proved by primary evidence, which is considered the best evidence. Primary evidence is the rule, while secondary evidence is an exception admissible only in the absence of primary evidence. A party is generally required to produce the best evidence available; so long as the superior evidence (the original) is within a party's possession or reach, they cannot introduce inferior proof (secondary evidence). [Smt. J. Yashoda v. K. Shobha Rani (2007) 5 SCC 730]*
*20.2 Before secondary evidence can be admitted, the party relying on it must lay a factual foundation. This involves two steps: First, the party must prove that the original document actually existed and was executed. Secondly, the party must establish valid reasons as to why the original cannot be furnished. [Ibid; Kaliya v. State of Madhya Pradesh, (2013) 10 SCC 758]*
*20.3 Secondary evidence is inadmissible until the non-production of the original is accounted for in a manner that brings the case within the specific exceptions provided in Section 65. [H. Siddiqui (D) By Lrs. v. A. Ramalingam AIR (2011) SC 1492] If the original itself is found to be inadmissible through failure of the party who files it to prove it to be valid, the same party is not entitled to introduce secondary evidence of its contents. [Smt. J. Yashoda v. K. Shobha Rani (2007) 5 SCC 730]*
*20.4 Section 65 of the Evidence Act is exhaustive and states the specific circumstances under which secondary evidence is permissible. To introduce secondary evidence, a party must satisfy the conditions of one of the clauses (a) through (g) of Section 65. [Ashok Dulichand v. Madahavlal Dube and Another (1975) 4 SCC 664]*
*20.5 Further, admitting a document as secondary evidence does not automatically prove its contents. The secondary evidence must be authenticated by foundational evidence showing that the alleged copy is, in fact, a true copy of the original. For instance, if a party wishes to introduce a photostat copy, they must explain the circumstances under which the copy was prepared and who possessed the original at the time the photograph was taken. [Chandra v. M. Thangamuthu, (2010) 9 SCC 712]*
*20.6 Mere admission of a document or making it an exhibit does not dispense with the requirement of proving it in accordance with the law. The court has an obligation to examine the probative value of the document and decide the question of admissibility before making an endorsement on the secondary evidence. If the foundational facts, such as the loss of the original or the explanation for its non-production, are not established, the court cannot legally allow the party to adduce secondary evidence. [Rakesh Mohindra v. Anita Beri, (2016) 16 SCC 483]*
*20.7 There is no requirement that an application must be filed to lead secondary evidence. While a party may choose to file such an application, secondary evidence*

---

4 2026 (0) AIJEL-SC 76571

*cannot be ousted solely because no application was filed. It is sufficient if the party lays the necessary factual foundation for Condition for Secondary Evidence Statutory Clause Type of Secondary Evidence Allowed Adversary Possession Section 65(a) Any secondary evidence (after notice). Written Admission Section 65(b) The written admission itself. Loss or Destruction Section 65(c) Any secondary evidence. Immovable Original Section 65(d) Any secondary evidence. Public Document Section 65(e) Only a certified copy. Law-Specified Document Section 65(f) Only a certified copy. Voluminous Records Section 65(g) Testimony of a skilled examiner leading secondary evidence either in the pleadings or during the course of evidence. [Dhanpat v. Sheo Ram 2020 (16) SCC 209]*

આ સંદર્ભે કાયદાનો સ્થિર સિદ્ધાંત એવો છે કે દસ્તાવેજની પુરાવાની ખરાઈ જ વિવાદનો મુખ્ય વિષય હોય, ત્યારે પ્રાથમિક પુરાવા રૂપે મૂળ દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક છે અને માત્ર ત્યારે જ ગૌણ પુરાવા તરફ વળી શકાય, જ્યારે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૬૫ હેઠળ આવતી પરિસ્થિતિઓ માટે જરૂરી પાયો પહેલા પુરાવાથી સ્થાપિત કરવામાં આવ્યો હોય. નામદાર સર્વોચ્ચ અદાલતે ***H.Siddiqui (Dead) By Lrs. Versus A.Ramalingam***[5], પેરા 10 માં સ્પષ્ટ કર્યું છે કે

*10. Provisions of Sec. 65 of the Act 1872 provide for permitting the parties to adduce secondary evidence. However, such a course is subject to a large number of limitations. In a case where original documents are not produced at any time, nor, any factual foundation has been led for giving secondary evidence, it is not permissible for the Court to allow a party to adduce secondary evidence. Thus, secondary evidence relating to the contents of a document is inadmissible, until the non production of the original is accounted for, so as to bring it within one or other of the cases provided for in the section. The secondary evidence must be authenticated by foundational evidence that the alleged copy is in fact a true copy of the original. Mere admission of a document in evidence does not amount to its proof. Therefore, the documentary evidence is required to be proved in accordance with law. The Court has an obligation to decide the question of admissibility of a document in secondary evidence before making endorsement thereon. (Vide: The Roman Catholilc Mission & Anr. V/s. The State of Madras & Anr., AIR 1966 SC 1457; State of Rajasthan & Ors. v. Khemraj & Ors., AIR 2000 SC 1759; Life Insurance Corporation of India & Anr. v. Ram Pal Singh Bisen, (2010) 4 SCC 491; and M. Chandra V/s. M. Thangamuthu & Anr., (2010) 9 SCC 712).*

આમ, મૂળ દસ્તાવેજ રજૂ થતો ન હોય અને ગૌણ પુરાવા માટે રજૂ કરવા માટે કોઈ યોગ્ય કરણ રજૂ કરવામાં આવેલ ના હોય, તો એવા ગૌણ પુરાવા સ્વીકાર્ય નથી. આ કામે રજૂ દસ્તાવેજો ખરેખર અસલ ની સાચી નકલ છે તે પણ યોગ્ય પુરાવા થી સાબિત થવું આવશ્યક છે. તેવી જ રીતે ***J.Yashoda Versus K.Shobha Rani***[6] ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે

---

5 2011 (0) AIJEL-SC 49506

6 2007 (0) AIJEL-SC 39101

કલમ ૬૫ ની શરતો પૂર્ણ થયા વિના ફોટોકૉપી કે નકલને ગૌણ પુરાવા તરીકે માન્યતા આપી શકાય નહિ. તેથી, મૂળ દસ્તાવેજ કેમ હાજર નથી, તે કોના કબજામાં હતું, તેને મેળવવાના શું પ્રયત્નો થયા, અને હવે જે નકલ રજૂ થાય છે તે મૂળ સાથે સરખાવી તૈયાર થયેલી સાચી નકલ છે કે નહીં આ તમામ બાબતો પુરાવાથી સાબિત થયા વિના નકલ ને પુરવાર ગણી શકાય નહીં.

વર્તમાન પરિસ્થિતિમાં જો અદાલત સમક્ષ જે દસ્તાવેજો ની કથિત ખરી નકલ રજૂ કરવામાં આવી છે તે પોતે ફરીયાદી દ્વારા સહી કરેલી નકલ માત્ર હોય, તો માત્ર રજીસ્ટ્રરશ્રીની એવી એન્ડોર્સમેન્ટથી તે કાયદેસર રીતે અસલ નકલ બની જતી નથી. કારણ કે તેઓ પોતાની જુબાની થી માત્ર સહી અને સિક્કો જોઈ એટલું કહી શકે કે તત્કાલીન અધિકારીએ ખરી નકલ કરેલ છે પરંતુ જ્યાં સુધી તે એ સાબિત ન કરે કે આ નકલ મૂળ દસ્તાવેજ સાથે તુલના કરીને લેવામાં આવી છે, મૂળ દસ્તાવેજ ક્યાં છે અથવા કેમ ઉપલબ્ધ નથી, અને તે નકલ મંડળીના મૂળ રેકોર્ડ અથવા સત્તાધિકારી દ્વારા જારી દસ્તાવેજમાંથી ઉતારવામાં આવી છે, ત્યાં સુધી એવી નકલ કલમ ૬૫ ના માપદંડોને પૂર્ણ કરતી નથી. વધુમાં, કાયદાનો વધુ એક સ્થિર સિદ્ધાંત એવો છે કે માત્ર દસ્તાવેજને આંક પડી જવા થી અથવા “ખરી નકલ” કહી રજૂ કરવાથી તેની વિગતો, અમલવારી કે સત્યતા સાબિત થતી નથી નામદાર સુપ્રીમ કોર્ટે ***L.I.C. Of India Versus Ram Pal Singh Bisen***[7], અનુસાર અને ***Narbada Devi Gupta Versus Birendra Kumar Jaiswal***[8] માં પણ સ્પષ્ટ કરેલ છે કે માત્ર દસ્તાવેજને આંક પડી જવાથી તેની વિગતો પુરવાર માંની શકાય નહિ દરેક પુરાવાની વિગતો પુરવાર કરવી જરૂરી છે. તેથી ફરીયાદી દ્વારા સહી કરાયેલ “ખરી નકલ” ને, મૂળ દસ્તાવેજના અભાવે, તેની ગેરહાજરીનું યોગ્ય કારણ દર્શાવ્યા વિના અને યોગ્ય દસ્તવેજી પુરાવા વિના, કલમ ૬૫ હેઠળ સ્વીકાર્ય ગૌણ પુરાવા તરીકે માન્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં, આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા સહકારી મંડળીના હિસાબોમાં કથિત ગેરરીતિઓ થયાનું આક્ષેપ કરવામાં આવ્યો છે, છતાં પણ નોંધનીય બાબત એ છે કે કોઈપણ વર્ષનો નિયમિત

---

[7] 2010 (0) AIJEL-SC 48095

[8] 2003 (0) AIJEL-SC 19161

ઓડિટ અહેવાલ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો નથી. સહકારી સંસ્થાઓના કારોબારમાં થયેલી નાણાકીય ગેરરીતિઓ, બાકી લેણાં અથવા હિસાબી તફાવતો અંગેનો સૌથી વિશ્વસનીય અને સત્તાવાર દસ્તાવેજ ઓડિટ અહેવાલ ગણાય છે, કારણ કે તે મંડળીના હિસાબોની તપાસ કરીને કાયદેસર રીતે નિમણૂક કરાયેલા ઓડિટર દ્વારા તૈયાર કરવામાં આવે છે. જો વાસ્તવમાં મંડળીના હિસાબોમાં ગંભીર અનિયમિતતાઓ અથવા બાકી લેણાં અંગે તફાવત હોય, તો તે બાબત ઓડિટ અહેવાલમાં પ્રતિબિંબિત થવાની સ્વાભાવિક અપેક્ષા રહે છે. આવી પરિસ્થિતિમાં કોઈપણ વર્ષનો ઓડિટ અહેવાલ અદાલત સમક્ષ રજૂ ન થવાથી ફરીયાદપક્ષના આક્ષેપોને દસ્તાવેજી આધાર મળતો નથી અને મંડળીના હિસાબોમાં દર્શાવાયેલ બાકી લેણાં અથવા ગેરરીતિઓ અંગે નિશ્ચિત અને વિશ્વસનીય નિષ્કર્ષ પર પહોંચવું મુશ્કેલ બની જાય છે. તેથી, ઓડિટ અહેવાલ જેવા મૂળભૂત અને સત્તાવાર દસ્તાવેજના અભાવે ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ ગેરરીતિઓના આક્ષેપોને સાવધાનીપૂર્વક પરખવાની આવશ્યકતા ઉભી થાય છે.

આ પ્રકારના કેસમાં કથિત ધિરાણ પત્રકો માત્ર એક સાદો કાગળ નથી, પરંતુ સમગ્ર આરોપની મૂળભૂત વિષયવસ્તુ છે તેથી તેની કસ્ટડી, સ્ત્રોત, જપ્તી અને અદાલત સમક્ષ રજૂઆતની પ્રક્રિયા નિર્વિવાદ રીતે સાબિત થવી આવશ્યક બને છે. સામાન્ય રીતે આવા પત્રકોનું મૂળ સ્ત્રોત સહકારી મંડળીનો સત્તાવાર રેકોર્ડ, ઇશ્યુ રજિસ્ટર, ડિસ્પેચ નોંધ, કાઉન્ટરફોઇલ, સંબંધિત સભાસદની લોન ફાઇલ અથવા તે પ્રમાણપત્ર ધારક વ્યક્તિનો કબજો હોય શકે. આવી પરિસ્થિતિમાં તપાસ એ દિશામાં થવી જોઇએ કે મૂળ પત્રક કોણે આપ્યું, કઈ તારીખે આપ્યું, મંડળીના કયા સત્તાવાર રેકોર્ડમાં તેની નોંધ છે, તે કોણ પાસેથી મેળવવામાં આવ્યું, કઇ રીતે જપ્ત થયું, જપ્તી પછી તેની કસ્ટડી કેવી રીતે જળવાઈ વગેરે. જ્યારે કેસનો આધાર જ આવા દસ્તાવેજ ઉપર હોય, ત્યારે માત્ર અનુગામી પત્રવ્યવહાર, હિસાબી અંદાજો અથવા પછીથી લખાયેલા પત્રો દ્વારા મૂળ પ્રમાણપત્રનું અસ્તિત્વ, તેની વિગતો અને તેની પ્રામાણિકતા પુરવાર કરી શકાય નહિ. આવી પરિસ્થિતિમાં મૂળ ધિરાણ પત્રકો અદાલત સમક્ષ રજૂ થવું અને તેની કાયદેસર સાબિતી થવી ફરીયાદપક્ષની ફરજ છે. જે તેઓ પૂર્ણ કરી શકેલ નથી.

**(૧૨.૪) કથિત ગેરકાયદેસર લાભ મેળવ્યાનો પુરાવો**

ઠગાઈના ગુનામાં કાયદા દ્વારા નિર્ધારિત એક આવશ્યક ઘટક એ છે કે આરોપીએ બેઇમાનીથી કોઈ મિલકત, લાભ અથવા કિમતી જામીનગીરી મેળવી હોય અથવા મેળવવાનો પ્રયાસ કર્યો હોય. માત્ર ખોટી રજૂઆત અથવા ખોટો દસ્તાવેજ બનાવવાનો આક્ષેપ પૂરતો નથી પરંતુ, તેમાંથી આરોપીને કે અન્ય કોઈને ગેરકાયદેસર લાભ થયો હોવો અથવા થવાનો ઇરાદો સાબિત થવો જરૂરી બને છે.

વર્તમાન કેસના સમગ્ર રેકર્ડ અને પુરાવાનો અભ્યાસ કરતાં એવું સ્પષ્ટપણે જણાતું નથી કે આરોપી નં.૨ અથવા આરોપી નં.૩ એ કથિત રકમો નો ઉપાડ કરેલ હોય કે પ્રકારનો ગેરકાયદેસર લાભ મેળવ્યો હોય. રેકર્ડ પર એવો કોઈ પુરાવો રજૂ થયો નથી કે જેમાં દર્શાવાય કે આરોપીઓએ સભાસદો ના નામે ખોટ દસ્તાવેજ ઉભા કરી કોઈ ખોટો લાભ મેળવેલ હોય. તે જ રીતે, એવો પણ કોઈ પુરાવો નથી કે આરોપી આવી રકમ પોતાના અંગત ખર્ચ માં વાપરી મંડળી સાથે છેતરપિંડી કરેલ હોય.

ફરીયાદપક્ષનો મુખ્ય આક્ષેપ એ છે કે આવા ખોટ દસ્તાવેજોનો ઉપયોગ કરી ખોટી રીતે પૈસા ઉધારવામાં આવેલા અને તેના કારણે મંગલભાઈ શંકરભાઇ નાડીયા ના ઓ ને નુકસાન ગયેલ હોય. તેમ છતાં, પુરાવાના મૂલ્યાંકન પરથી એ બાબત સ્પષ્ટ થતી નથી કે આ કથિત નુકસાનમાંથી આરોપીઓને વ્યક્તિગત રીતે કેવી રીતે અથવા કેટલો લાભ થયો. ઠગાઈના ગુનામાં, માત્ર તૃતીય પક્ષને નુકસાન થવું પૂરતું નથી પણ, આરોપીના બેઇમાન ઇરાદા સાથે જોડાયેલ લાભ મેળવવાનો તત્વ પણ સ્થાપિત થવું જરૂરી બને છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Hridaya Ranjan Pd.Verma Versus State Of Bihar*** [9] ના ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે

15. On a reading of the section it is manifest that in the definition there are set-forth two separate classes of acts which the persons deceived may be induced to do. In the first place he may be induced fraudulently or dishonestly to deliver any property to any person. The second class of acts set-forth in the section is the doing or omitting to do anything which the person deceived would not do or omit to do if he were not so deceived. In the first class of cases the inducing must be fraudulent or dishonest. In the second class of acts, the inducing must be intentional but not fraudulent or dishonest.

ઠગાઈ નાગુનામાં બેઇમાનીથી લાભ મેળવવાનો ઇરાદો (mens rea) અને તે લાભ ખરેખર

---

9 2000 (0) AIJEL-SC 11346

મેળવવામાં આવ્યો હોય અથવા મેળવવાનો પ્રયાસ થયો હોય તે બંને તત્વો સાબિત થવા આવશ્યક છે.

વર્તમાન કેસમાં, આરોપીઓએ વ્યક્તિગત રીતે કોઇ ગેરકાયદેસર લાભ મેળવ્યો હોવાનો સીધો અથવા પરોક્ષ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આ હકીકત, પુરાવાના મૂલ્યાંકન દરમ્યાન, આરોપોના આવશ્યક ઘટકોના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે ધ્યાનમાં લેવાય તેવી છે.

**(૧૨.૫) કપટપૂર્ણ ઇરાદાનો પુરાવો**

ઠગાઈના ગુનામાં કાયદાનો સ્થિર સિદ્ધાંત એવો છે કે માત્ર પરિણામરૂપ નુકસાન અથવા વહીવટી અનિયમિતતા પૂરતી નથી; પરંતુ આરોપી નું ગુનાહિત માનસ અર્થાત્ આરંભથી જ કપટપૂર્ણ અને બેઇમાન ઇરાદો, સ્પષ્ટ રીતે સાબિત થવો આવશ્યક છે. દોષિત ઇરાદો ગુનાનું મૂળ છે, અને જો તે પુરાવાના તત્વ થી સ્થાપિત ન થાય, તો માત્ર પરિસ્થિતિજન્ય શંકા અથવા અનુમાનના આધારે ફોજદારી જવાબદારી નિશ્ચિત કરી શકાતી નથી.

વર્તમાન કેસના પુરાવાનો અભ્યાસ કરતાં એવું જણાય છે કે ફરીયાદપક્ષનો મુખ્ય ભાર એ દલીલ પર છે કે આરોપીઓ સહકારી મંડળીના અધિકારીઓ તરીકે કાર્યરત હતા અને તેમણે ધિરાણ પત્રકો આપ્યા હતા. પરંતુ આ હકીકત પરથી આપમેળે એવો નિષ્કર્ષ કાઢી શકાય નહીં કે આરોપીઓએ તૃતીય પક્ષને નાણાં ડુબાડવાનો અથવા બેઇમાનીથી લાભ મેળવવાનો ઇરાદો રાખ્યો હતો.

કેસ રેકોર્ડ પરથી એવું પણ સ્પષ્ટ નથી થતું કે આરોપીઓને ચોક્કસ તારીખે ચોક્કસ સભાસદોના ના નં પર કેટલા રૂપિયા ઉધાર્યા હતા.

આથી, ઉપલબ્ધ પુરાવાના આધારે આ અદાલત એ હકીકત સાથે સંમત છે કે આરંભથી જ કપટ કરવા, બેઇમાનીથી કાર્ય કરવા અને સરકારી નાણાં ડુબાડવાનો સ્પષ્ટ અને નિર્ધારિત ઇરાદો હતો તે બાબતે ફરીયાદપક્ષ તરફથી કોઈ નિર્ણાયક, સ્વતંત્ર અને અસરકારક પુરાવો રેકર્ડ પર ઉપસ્થિત થતો નથી.

**(૧૩) શંકાનો લાભનો સિદ્ધાંતઃ-**

ફોજદારી કાયદામાં આરોપ સાબિત કરવાનો ભાર સંપૂર્ણપણે ફરીયાદપક્ષ ઉપર રહે છે અને સાબિતીનું ધોરણ વાજબી શંકા થી પરે છે. આ ધોરણનો અર્થ એ નથી કે દરેક સંભવિત અથવા કલ્પિત શંકા સંપૂર્ણપણે દૂર થવી જોઇએ પરંતુ તેનો અર્થ એ છે કે એવી કોઈ વાજબી અને તર્કસંગત શંકા બાકી ન રહે જે સામાન્ય સમજવાળા વ્યક્તિના મનમાં આરોપીની દોષિતતા અંગે શંકા ઉત્પન્ન કરે.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Kali Ram Versus State Of Himachal Pradesh***[10], ના ચુકાદામાં આ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કર્યો છે કે વાજબી શંકા એવી હોવી જોઇએ જે સામાન્ય સમજદારીવાળા વ્યક્તિને અપીલ કરે અને જેને તર્કસંગત આધાર મળે. કાલ્પનિક, અનુમાન આધારિત અથવા કાવતરાવાળી શંકાઓને વાજબી શંકા ગણાવી શકાય નહીં. આ સિદ્ધાંતનો ઉદ્દેશ એ છે કે ફોજદારી દોષસિદ્ધિ માત્ર મજબૂત, વિશ્વસનીય અને નિર્દોષતા સાથે અસંગત પુરાવા પર જ આધારિત હોવી જોઇએ.

ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક મૂળભૂત અને સુવર્ણ સિદ્ધાંત એ છે કે જ્યારે પુરાવા પરથી બે દૃષ્ટિકોણ શક્ય હોય એક આરોપીની દોષિતતા તરફ દોરી જાય અને બીજો તેની નિર્દોષતા તરફ તો અદાલતે નિર્દોષતાવાળા દૃષ્ટિકોણને અપનાવવો જોઇએ. આ સિદ્ધાંત માત્ર તકનીકી નિયમ નથી, પરંતુ ફોજદારી કાયદાના નૈતિક અને ન્યાયિક આધારસ્તંભોમાંનો એક છે. કારણ કે ફોજદારી દોષસિદ્ધિના પરિણામો ગંભીર હોય છે એટલે અદાલતે દોષિત ઠરાવતાં પહેલાં પુરાવા અંગે પૂર્ણ નિશ્ચિતતા હોવી આવશ્યક છે.

**૧૪. અંતિમ નિષ્કર્ષઃ-**

**સમગ્ર પુરાવાનો ચોકસાઈપૂર્વક, તટસ્થ અને ન્યાયિક મૂલ્યાંકન કર્યા પછી અદાલત આ અંતિમ નિષ્કર્ષ પર આવે છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધના તમામ આરોપો ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯,૪૨૦, ૪૬૫, અને ૧૧૪ વાજબી શંકા પરે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.**

---

10 1973 (0) AIJEL-SC 13703

આ પરિસ્થિતિઓમાં, ફોજદારી કાયદાના સુસ્થાપિત અને સુવર્ણ સિદ્ધાંતોને અનુસરતાં, અદાલતનું સ્પષ્ટ મત છે કે આરોપીઓને શંકાનો લાભ આપવો યોગ્ય અને ન્યાયસંગત છે. જેથી તમામ ચર્ચા ના અંતે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::::આખરી હુકમ::::

૧. આ કામના આરોપી (૨)અંબાલાલ મગનલાલ વાળંદ (૩) કડવાજી શંકાજી ઠાકોર બંન્ને રહે.ભટારીયા, તા.દેત્રોજ, જિ.અમદાવાદ નાઓનેક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯,૪૨૦,૪૬૫,૧૧૪ મુજબના ગુનામાં પુરાવના અભાવે શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ  તારીખ ૨૩ મી, માહે-એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
HARSH SHANTIBHAI
RATHOD
on 23/04/2026 18:07:51 IST.

| | |
|---|---|
| **તા.૨૩-૦૪-૨૦૨૬**<br>**સ્થળઃદેત્રોજ** | **(હર્ષ શાંતીભાઇ રાઠોડ)**<br>**જ્યુડી.મેજી.ફ.ક., દેત્રોજ**<br>**કોડ નં.જી.જે.૦૧૭૭૪** |
| વિરેન્દ્રસિંહ ડી.વાઘેલા (સ્ટેનોગ્રાફર) | |